॥ श्रीकृष्णाय नमः ॥

स्वधर्मवर्धक अने संशयच्छेदक.

પુસ્તક ૪ થું.

ભગવાને શાસ્ત્ર કેટલી પ્રકારનાં રચેલાં છે અને તેને શી રીતે માનવાં?

રચનાર,

ગોસ્વામી શ્રીયદુનાથજી મહારાજ,

સુરતવાળા.

આવૃત્તિ ત્રીજી. દ્વિતિય આવૃત્તિ ઉપરથી   પ્રત ૫૦૦.

છપાવી પ્રકટ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ખાડીયા, જેઠાભાઇની પોળમા—અમદાવાદ.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧૪૦, શ્રીવલ્લભાબ્દ ૪૩૮, સંવત્ ૧૯૭૧, સન ૧૯૧૫.

ધી "ગુજરાત" પ્રિન્ટિંગ પ્રેસમા શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું,
પાનકુવા—અમદાવાદ.

નોછાવર રૂ. ૦-૪-૦.

॥ श्रीभागवतप्रतिपद्मणिवरभावांशुभूषिता मूर्तिर्विजयते ॥

॥ भगवद्वदनवैश्वानरश्रीमद्वल्लभाचार्यचरणाः ॥

मायावादकरीन्द्रदर्पदलनेनाम्, दुर्गाजोऽगतश्रीमद्भागवताख्यदुर्गे सुखावबोधेन ...कीर्ति ।



राधावल्लभसेवया तदुचितप्रेम्णापि यैर्नैव श्रीमद्वल्लभनामधेयसदृशो भावो न भूतोऽस्त्यपि ॥ १ ॥

प्रादुर्भावः—संवत् १५३५-वैशाखासितैकादश्याम्.

नाश्रितो वल्लभाधीशो न च दृष्टा **सुबोधिनी** ।

नाराधि राधिकानाथो वृथा तज्जन्म भूतले ॥ ॥

श्रीहरिरायचरणाः ।

|| श्रीकृष्णाय नमः ||

स्वधर्मवर्धक अने संशयच्छेदक.

ઈશ્વરે શાસ્ત્રની રચના શી રીતે કરી છે, અને તે શાસ્ત્રને શી રીતે માનવું તે વિષયનો ભાગ પહેલો.

પુસ્તક ૮ થુ.

તા. ૨૩ મી સપ્ટેમ્બર સને ૧૮૬૦ અને તા. ૩૦ મી સપ્ટેમ્બરના પત્રમાં સત્યપ્રકાશવાળાએ નીચે પ્રમાણે શ્રીયદુનાથજીમહારાજને પ્રશ્ન પુછેલા છે:—

૧. પ્રશ્ન પહેલો:—તમે લખો છો કે શાસ્ત્ર ઈશ્વરનું કરેલું છે, ત્યારે તમે ચાર વેદમાંથી એક યજુર્વેદ માનો છો તે યજુર્વેદની શાખા ૧૦૧ છે. તેમાંથી તમે એક આપસ્તમ્બ શાખા માની છે, બાકીને રદ કરી છે. જો શાસ્ત્ર ઈશ્વરકૃત હોય તો સર્વે વચન ઈશ્વરનાં માનવાં જોઇએ. એ રીતે પ્રશ્ન કરીને લોકોને બતાવ્યું છે કે એ સર્વે શાસ્ત્રને માનતા નથી, અને લોકોને બતાવો છો કે અમે સર્વે શાસ્ત્રને માનીએ છીએ અને લોકોના મનમાં પણ એ વાત ખરી ઉતરે એવી છે. કારણ કે હિન્દુ લોકોમાં ઘણા માર્ગ ચાલે છે, તેથી કયા માર્ગની વાત ખરી છે, ને કયા માર્ગની વાત ખોટી છે, એ વાતના પણ લોકોના મનમાં વહેમ છે, તેથી લોકોનું મન પોતાના માર્ગ ઉપરથી ઉઠી જાય છે પણ લોકોની મ્હોટી કસુર એ છે કે, સંદેહ પડે પોતાના ગુરૂને તે ઠેકાણે પુછતા નથી, જેથી તેઓના મનનો ખુલાસો થાય, અને પોતે સમજુપણાનું અભિમાન રાખીને મનમાંથી વિશ્વાસ ઉઠાડી દે છે અને તે વાત કોઇને પુછતા નથી. પણ જેણે શાસ્ત્ર ઉપરથી અને પોતાના ગુરૂ ઉપરથી વિશ્વાસ ઉઠાડયો તેનો વિશ્વાસ શ્રીભગવાનને પણ ભજવા કદિ બેસનાર નથી. તેનો અનુભવ લેવો હોય તો દુઃસંગીઓનું આચરણ જોવું. કારણ કે શાસ્ત્ર અને ગુરુ એ બે વસ્તુથી શ્રીભગવાનનું સ્વરૂપ જાણ્યું જાય છે.

તેમાં પણ શાસ્ત્ર છે અને તેને સમજાવનાર જો ગુરુ મળતા નથી તો શાસ્ત્રમાં સમજણ કોઇને પડતી નથી તેથી સર્વલોકો વહેમમાં અથડાયા કરે છે તે સારૂ આ સંશયચ્છેદક ચોપાનીયું કહાડયું છે. પણ એ ચોપાનીયું સર્વે વૈષ્ણવો લેતા નથી. કેટલાએક શરમને સારૂ નામ લખાવી ગયા પણ તે વૈષ્ણવોએ ફરી એ પુસ્તક લીધું નહીં અને કેટલાએક વૈષ્ણવો પુસ્તક લેછે તે એકવાર ન્યુસપેપરની પેઠે વાંચીને મુકી દેછે. પણ તેને સમજીને મનમાં રાખતા નથી એ પુસ્તકમાં જેટલી વાત લખવામાં આવે છે, તે ઘણીજ સમજવા લાયક અને ભક્તિમાર્ગીય વૈષ્ણવોને ઉપયોગી છે, અને દુઃસંગને તોડવાનું હથિયાર છે, પણ દુઃસંગદોષથી તથા કલિના દોષથી તેઓની બુદ્ધિ બગડી ગઇ છે, તેથી પુસ્તક વાંચવા ઉપરથી પ્રીતિ ઉઠી ગઇ છે, પણ અંતે કામ તો ભગવાન સાથે છે તેનો વિચાર કરતા નથી. અને આ દેહનો ભરૂસો નથી, આ દેહમાં જોગ્ય ભગવાનની ભક્તિ ન કરી તે જીવનું ઠેકાણું ફરી આ જન્મમાં લાગતું નથી. એ રીતે સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. કહેનાર કહી છૂટે અને વહેનાર વહી છૂટે એ કહેવત છે, પછી વૈષ્ણવોની નજરમાં આવે તેમ કરો.

૨. સત્યપ્રકાશવાળાનો પ્રશ્ન બીજોઃ—વેદનાં અંગ જે છ શાસ્ત્ર છે તે સર્વે તમે માનેલાં નથી તે જ રીતે અઢાર પુરાણમાંથી એક ભાગવત તમે માનેલું છે. તેમાં પણ જે સમાધિભાષા છે તેને જ માનેલી છે. બીજા ભાગવતનાં વચનને રદ કરેલાં છે.

૩. પ્રશ્ન ત્રીજોઃ—સર્વે શાસ્ત્રને તમે માન્યા છે એવી સાબીતી તમારા ગ્રન્થોથી તમે બતાવી આપશો ?

૪ પ્રશ્ન ચોથોઃ—બીજા આચાર્યના કરેલા ભાષ્યને તમે કેમ માનતા નથી ? નવા ગ્રન્થ જુદા જુદા તમે શા સારૂ કરેલા છે ? એ રીતે પ્રશ્ન ચાર તેણે કરેલા છે તેનો ખુલાસો આ પુસ્તકમાં કર્યો છે.

ગીતાના બીજા અધ્યાયના શ્લોક ૪૫માં શ્રીભગવાને અર્જુનને કહ્યું છેઃ—

त्रैगुण्यविषया वेदाः निस्त्रैगुण्यो भवार्जुन ॥ १ ॥

અર્થઃ—હે અર્જુન ! વેદના કર્મ છે તે ત્રણ ગુણના ફલને આપનારાં

છે. માટે તે ફલની ઇચ્છા તુ રાખીશ નહી. તું તો એક નિર્ગુણ ફલની ઇચ્છા રાખ અને નિર્ગુણ થા. તે નિર્ગુણ થવાનો ઉપાય ભગવાને ગીતાના ચૌદમા અધ્યાયના શ્લોક ૨૬માં અર્જુનને કહેલો છેઃ–

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥ २ ॥

અર્થઃ–અનન્ય ભક્તિથી જે પુરૂષ મારૂં સેવન કરે છે તે જીવ નિર્ગુણ થાય છે, અને બ્રહ્મરૂપ થઇને મને પામે છે એ રીતે નિર્ગુણ થવાનો ઉપાય પોતાનું સેવન બતાવ્યું. અને એ અગર બીજાં વેદનાં કર્મને સાત્ત્વિક, રાજસ, તામસ, એ ત્રણ ગુણસહિત બતાવ્યાં એ રીતે વેદના ચાર પ્રકારના ભેદ બતાવેલા છે અને વેદના અર્થ પુરાણમાં તથા સ્મૃતિઓમાં બતાવેલા છે, માટે વેદ, સ્મૃતિઓ તથા પુરાણ એ સર્વ ચાર ચાર પ્રકારના છે. તે વાત પદ્મપુરાણના સત્તરમા ખંડમાં ચોવીશમા અધ્યાયમાં શિવજીએ પાર્વતીજીને કહી છે કે –

मात्स्यं कौर्मं तथा लिंगं शैवं स्कान्दं तथैव च ।
आग्नेयञ्च षडेतानि तामसानि निबोध मे ॥ १ ॥

અર્થઃ–મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, લિંગપુરાણ, શિવપુરાણ, સ્કન્દપુરાણ, અગ્નિપુરાણ, એ છ પુરાણ તામસ ગુણના જાણવા.

वैष्णवं नारदीयञ्च तथा भागवतं शुभं ।
गारूडञ्च तथा पाद्मं वाराहं शुभदर्शनम् ॥ २ ॥
सात्त्विकानि पुराणानि विज्ञेयानि शुभानि वै ॥ ३ ॥

અર્થઃ–વિષ્ણુપુરાણ, નારદપુરાણ, ભાગવતપુરાણ, ગરૂડપુરાણ, પદ્મપુરાણ, વારાહપુરાણ, એ છ પુરાણ સાત્ત્વિક ગુણના વર્ણનના જાણવા.

ब्रह्माडं ब्रह्मवैवर्तं मार्कंडेयं तथैव च ।
भविष्यं वामनं ब्राह्मं राजसानि निबोध मे ॥ ४ ॥
तथैव स्मृतयः प्रोक्ता ऋषिभिः त्रिगुणात्मिकाः ।

માર્કંડેયપુરાણ, બ્રહ્માંડપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, ભવિષ્યપુરાણ, વામનપુરાણ, બ્રહ્મપુરાણ, એ છ પુરાણ રાજસ ગુણનાં જાણવા. એ જ રીતે સર્વે સ્મૃતિઓ પણ ત્રણ ગુણવાળી છે, અને સ્મૃતિઓના કહેનાર ઋષિઓ પણ ત્રણગુણ સહિત છે. હવે એ પુરાણોથી ફલપ્રાપ્તિ કહેછેઃ—

सात्त्विका मोक्षदाः प्रोक्ताः राजसाः स्वर्गदाः शुभाः ।
तथैव तामसा देवि निरयप्राप्तिहेतवः ।

અર્થઃ—છ સાત્ત્વિકપુરાણમાં જે સાધન કહેલાં છે, તે સાધનથી જીવને મોક્ષ થાય છે. એ સાત્ત્વિકપુરાણોમાં નિર્ગુણ સાધન શ્રીભગવાને કહેલું છે, માટે નિર્ગુણને અહિયાં જુદું ગણાવેલું નથી અને રાજસ-ગુણનાં છ પુરાણ છે. તેથી જીવને સ્વર્ગાદિક સ્થાનોની પ્રાપ્તિ થાય છે, અને છ પુરાણ જે તામસી છે તેના સાધનથી જીવોને પાતાલાદિક નીચેના લોકની પ્રાપ્તિ તથા તે લોક અધર્મ કરે છે તો તે ને નરકની પ્રાપ્તિ થાય છે. એ રીતે અઢાર પુરાણ તથા સ્મૃતિઓનું ફલ કહ્યું છે. એ રીતે એક એક પુરાણમાં પણ ત્રણ ત્રણ ગુણના સાધનનું વર્ણન કરેલું છે. માટે એક એક પુરાણના વચનમાં પણ ત્રણ ત્રણ ભેદ છે. જેમ શિવપુરાણ તામસી છે પણ તેમાં ભગવાનની ભક્તિને અધિકતા કહેલી છે માટે તેમાં પણ સાત્ત્વિક સાધન છે. પણ તામસગુણનાં સાધન વિશેષ કહેલાં છે માટે, તે પુરાણ તામસ ગુણનું કહેવાય છે. તેમ ભાગવત સાત્ત્વિકપુરાણ કહ્યું છે, કિન્તુ એમાં પણ ત્રણ ગુણના સાધનનું વર્ણન છે, પણ ભગવાનની ભક્તિ વિશેષે કરીને કહી છે. તેથી એ પુરાણ સાત્ત્વિક કહેવાય છે અને સમાધિભાષામાં સાત્ત્વિક સાધનનું વર્ણન છે. માટે સમાધિભાષાને વિશેષતા કહી છે ભગવાનના ભંડારમાં સર્વ વસ્તુ છે. પણ જે વસ્તુનો જેને ખપ હોય તે વસ્તુ તે લેછે. તેમ શાસ્ત્ર સર્વ પ્રકારના ફલનો ભંડાર છે. જેની મરજી જે સ્થાનમાં જવાની હોય તેણે શાસ્ત્રમાંથી તે સ્થાનમાં જવાનું સાધન પકડી લેવું. સર્વે જીવની સર્વે ઇચ્છા પૂર્ણ કરવા સારૂ ભગવાને શાસ્ત્ર ચાર પ્રકારનાં રચ્યાં છે. તેથી શાસ્ત્રમાં જેટલાં વચન કહેલાં છે તે ખરાં છે. પણ તે સર્વે વચન જુદા જુદા માર્ગનુ ફલ પામવા સારૂ કહેલાં છે તે પ્રમાણે માનવા અને તે પ્રમાણે ચાલવું એવું ભગવાને કહ્યું છે. એ રીતે અમે વેદ સ્મૃતિ, છ

શાસ્ત્ર અઢાર પુરાણનાં સર્વે વચન માનીએ છીએ કોઈ વચનને ખોટું જાણતા નથી. એ ઉપરાંત સત્યપ્રકાશવાળો શાસ્ત્રને શી રીતે માનવાનું બતાવે છે તેની અમને સમજ પડતી નથી તેથી તે પોતાની મતલબ જણાવશે તો અમે તેનો ખુલાસો કરીશું. પાંચ આચાર્યોમાં શંકરાચાર્યે કૈલાસમાં જવાનો માર્ગ પકડેલો છે, અને રામાનુજ તથા મધ્વાચાર્યે તથા નિમ્બાર્કાચાર્યે શ્રીરામચંદ્રજી તથા નરસિંહ તથા નારાયણ એ હરિના અંશાવતારની ઉપાસનાનો માર્ગ પોતાના સંપ્રદાયમાં ચલાવ્યો છે, જેથી તેણે વિષ્ણુના વૈકુંઠમાં જવાનો માર્ગ પકડેલો છે, અને શ્રીવલ્લભાચાર્યે પૂર્ણ બ્રહ્મના સેવન ભજનનો નિર્ગુણ માર્ગ પકડેલો છે. માટે એ સર્વેના ગ્રન્થ જુદા જુદા છે; તેથી શ્રીવલ્લભાચાર્યે ભગવાનના કહ્યા પ્રમાણે નિર્ગુણ માર્ગના ગ્રન્થ જુદા કરેલા છે. પણ તે સર્વે ગ્રન્થ શાસ્ત્રની સમ્મતિ લઇને કરેલા છે. શાસ્ત્રને મૂકીને એક વચન તથા એક શબ્દ પણ કહેલો નથી, અને ન્હાના ન્હાના ગ્રન્થ જુદા જુદા પોતાના વૈષ્ણવો જે શાસ્ત્ર ભણેલા નથી તેને શાસ્ત્રનો સારાંશ થોડામાંજ સમજવા સારુ શાસ્ત્રની એકેક વાત તેમાં કહી બતાવી છે એ સર્વે ગ્રન્થોની ટીકા ચોપાનીઆમાં લખાશે ત્યારે સર્વેને એ વાતની ખાતરી નિશ્ચે થશે. અને સત્યપ્રકાશવાળો કહે છે જે વલ્લભીય માર્ગના ગ્રન્થો મંદિરમાં છુપાવી મૂકેલ છે, તે એટલા સારૂ કે બ્રાહ્મણો તેની સામે થાય, પણ એ વાત બીલકુલ તેણે ખોટી બતાવી છે, કારણ કે એ ગ્રંથો ભાષામાં કરેલા સર્વે વૈષ્ણવોના ઘરમાં છે પણ તે વૈષ્ણવો અન્યમાર્ગી લોકોને એટલા સારૂ આપતા નથી કે, તે ભગવાના ભક્ત નથી અને ભક્તિમાર્ગની નિન્દા કરે છે. એવા અભક્તને ભગવાનના યશના પુસ્તકો આપવાની ભગવાને ગીતાના અઢારમા અધ્યાયમાં તથા ભાગવત એકાદશ સ્કંધના છેલ્લા અધ્યાયમાં અર્જુનને તથા ઉદ્ધવજીને ના કહેલી છે, જે પુરૂષ મારૂં સેવન ન કરતો હોય અને મારો અભક્ત હોય મારા ભક્તની નિન્દા કરતો હોય તેને આ જ્ઞાન આપવું નહિ; તેથી ભગવાનની આજ્ઞાથી તે વૈષ્ણવો નથી આપતા; પણ હવે તો એ ગ્રન્થો અમે મેદાનમાં મુકેલા છે. જેના નશીબમાં હશે તે એનો સાર સમજશે.

વળી સત્યપ્રકાશવાળાએ પ્રશ્ન કર્યો છે, કે તમે સર્વે શાસ્ત્રને માનેલાં

છે. એ બાબત તમારા ગ્રન્થથી સાબીત કરી આપશો ? તેનો ઉત્તર નીચે પ્રમાણે જાણવોઃ—

નિબન્ધ શાસ્ત્રાર્થ પ્રકરણમાં શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું છેઃ—

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ १ ॥
उत्तरं पूर्वसंदेहवारकं परिकीर्तितम् ।
अविरुद्धं तु यत्त्वस्य प्रमाणं तच्च नान्यथा ॥ २ ॥
एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं[1] कथञ्चन ॥ ३ ॥
अथवा सर्वस्वरूपत्वात्[2] नामलीलाविभेदतः ।
विरुद्धांशपरित्यागात् प्रमाणं सर्वमेव हि ॥ ४ ॥
मिथ्याप्रलोभनं वेदे न क्वचित् कर्हिचिद्बुधैः ।
तथैव कर्मविज्ञानं धर्मस्तेनैव नान्यथा ॥ ५ ॥
पुराणवेदवत्पूर्वं सिद्धं सर्वोपयोगि तत् ।
तदज्ञाने सर्व मौढ्यं तेन तत् हृदयं स्मृतम् ॥ ६ ॥

અર્થઃ—ચારે વેદનાં વચન તથા ગીતાજીનાં સર્વે વચન તથા વ્યાસસૂત્રનાં સર્વે વચન અને ભાગવતની સમાધિભાષાનાં સર્વે વચન માનવાં. એ શાસ્ત્રમાં કેવલ વેદનો જ અર્થ કહેલો છે, એ ચારે શાસ્ત્ર ઉત્તરોતર વેદના સંદેહને દૂર કરે છે વેદના વચનમાં સંદેહ પડે તે સારૂ વ્યાસજીએ વેદનો અર્થ સૂત્રમાં કહ્યો છે; તેથી સૂત્રમાં તે વેદનો અર્થ જોવો. અને સૂત્રથી સંદેહ ન જાય તો ગીતાજીમાં જોવુ અને ગીતાથી સંદેહ દૂર ન થાય તો ભાગવતમાં તે વેદનો અર્થ જોવો. એ રીતે વેદના વચનનો અર્થ એ ચાર શાસ્ત્ર સાથે મેળવીને કરવો. એ ચાર શાસ્ત્ર સાથે જે સિદ્ધાંત મળતો ન આવે તે સિદ્ધાન્ત વેદ બહાર છે માટે તે સિદ્ધાન્તને માનવો નહિ અથવા નામરૂપે કરીને સર્વ દેવતારૂપ અંશે કરીને એક હરિ જ થયા છે, માટે સગુણનિર્ગુણ લીલા ભેદે કરીને તેમાંથી વિરૂદ્ધાંશનો ત્યાગ કરીને સર્વે શાસ્ત્ર માનવાં, વિરૂદ્ધાંશ એટલે

૧. तन्मान्य એમ પણ પાઠ છે. ૨. स्वस्वरूपत्वात् એમ પણ પાઠ છે.

સગુણની વાતને નિર્ગુણ જાણવી નહી, સગુણને સગુણ જાણવું. અને નિર્ગુણને નિર્ગુણ જાણવું. જો એમ ન જાણે તો તે જીવ નિર્ગુણ ન થાય અને તે જીવ જ્યારે નિર્ગુણ ન થાય ત્યારે તેને મોક્ષ પણ ન થાય તે સારૂ જે રીતે શાસ્ત્રમાં સગુણ નિર્ગુણના ભેદ કહેલા છે તે જ રીતે શાસ્ત્રને માનવું. જેમ ભગવાને ઉપર પ્રમાણે કહ્યું છે તેમ જ માનવું. એનું નામ વિરૂદ્ધાંશનો ત્યાગ કહેવાય છે. વેદને વિષે કોઈ ઠેકાણે પણ અસત્ય વાતો કહી નથી. વેદનાં જેટલાં વચન છે તે સત્ય છે. વેદ થકી જ સર્વે કર્મનું તથા ધર્મનું જ્ઞાન થાય છે. અને અઢાર પુરાણની કથા પણ બ્રહ્માએ ઋષિઓને કહી છે. માટે એ કથા પણ અનાદિથી ચાલી આવે છે. પુરાણોમાં હરિની કલ્પ કલ્પની લીલા જુદી જુદી કહી છે. માટે પુરાણો હરિની સર્વે લીલા જાણવાને ઉપયોગી છે. પુરાણો વગર હરિની લીલા બરાબર જણાતી નથી, માટે પુરાણોને ભગવાનનું હૃદય કરીને જાણવા. ભગવાનના હૃદયની વાર્તા પુરાણોથી જ જણાય છે માટે પુરાણોને હૃદય કહ્યાં છે. એ રીતે વેદપુરાણ સર્વેનાં વચન શ્રી ઠાકુરજીના કહ્યા પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ માનેલાં છે. અને સત્યપ્રકાશવાળો લખે છે કે, એમના વડીલોએ વેદપુરાણના વચનને માનવાની ના કહી છે, એ રીતે લોકોને જુઠું બતાવે છે. એ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો ઉપરથી સાફ માલમ પડી આવે છે.

વળી એણે પહેલા જ પ્રશ્નમાં કહ્યું છે કે તમે ચાર વેદમાં યજુર્વેદને માન્યો છે. અને તે યજુર્વેદની ૧૦૧ શાખા, તેમાંથી એક આપસ્તમ્બ શાખા માની છે, બીજી રદ કરી છે, એ રીતે લખ્યું છે, પણ એ વાત ગલત છે, સર્વે વેદ અને સર્વે શાખા માનેલી છે પણ એકેક વેદ તો એકેક ઋષિને સોંપેલો છે. તેનું કારણ દ્વાદશસ્કન્ધના છઠ્ઠા અધ્યાયમાં લખેલું છે કે, કલિયુગમાં બ્રાહ્મણો ચારે વેદ ભણી નહિ શકે અને વેદની સર્વ શાખાઓનું કર્મ શી રીતે કરવું તેને પણ સમજી નહિ શકે તે સારૂ વ્યાસજીએ એકેક વેદ અને એકેક શાખાનું કર્મ એકેક ઋષિને ભણાવ્યું. તે તે શાખાના બ્રાહ્મણો આજે જુદા જુદા કહેવાય છે; પણ તે સર્વે બ્રાહ્મણો સર્વે વેદને માને છે. જો વ્યાસજીએ એ રીતે વેદ સર્વને વહેંચી ન આપ્યા હોત તો કલિયુગમાં વેદની સ્થિતિ તથા વેદની

એકેક શાખાનું કર્મ શી રીતે કરવું, એનો લોપ થઈ જાત; માટે વ્યાસજીએ એ કર્યું છે. એ કારણ સમજવું એમાં કાંઈ પ્રશ્ન કરવા સરખું છે નહી એ વાત બીજા પંડિતોને પુછી હોત તો તે પણ બતાવી આપત અને એ વાત સારી પેઠે સમજવી હોય તો શ્રીમદ્ભાગવતના દ્વાદશસ્કન્ધના છઠ્ઠા અધ્યાયમાં જોવી. એ રીતે શાસ્ત્રની રચના તથા શાસ્ત્ર માનવાની બાબતનો ભાગ પહેલો સમ્પૂર્ણ.

પુનર્વિવાહ બાબતનો ભાગ બીજો.

તા. ૯ મી ઓકટોબર સને ૧૮૬૦ ને રોજે મુંબઇ મધ્યે કોટના ટાઉનહોલમાં વિધવાને નાતરૂં કરાવવા સારૂ સુધારાવાળાની સભા ભરાઇ હતી. તેમાં પ્રમુખની ખુરશી ઉપર ડાકટર ભાઉ દાજી બેઠા હતા. તે સમયે નર્મદાશંકર લાલશંકરે વિધવાના વિલાપ ગાયા. અને પુનર્વિવાહની બાબતમાં શાસ્ત્રના શ્લોક કહીને તેનો અર્થ વાંચી સંભળાવ્યો હતો કે, શાસ્ત્રમાં પુનર્વિવાહ વિધવાને કરવાની રજા આપી છે. પણ હમણાના બ્રાહ્મણો પોતાની હઠથી એ કામ કરવા દેતા નથી તે વાતને ભાઉ દાજીએ ટેકો આપ્યો ને કહ્યું કે શંકરાચાર્ય, રામાનુજ, મધ્વાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, નિમ્બાર્ક, એ પાંચે સમ્પ્રદાય શાસ્ત્રથી વિરૂદ્ધ પોતાની મતલબ પ્રમાણે ચાલે છે. માટે તમે એ મતવાદીઓનો મત મૂકી દઇને શુદ્ધ વેદમાર્ગે ચાલો એ રીતે સૌને ભલામણ કરીને તે સભા બરખાસ્ત થઇ. એ રીતે સત્યપ્રકાશ તથા ચાબુકના પત્રમાં લખ્યું છે અને તે પત્રમાં શ્લોક લખીને તેના અર્થ સુધારાવાળા લોકોએ લખીને બતાવેલા છે અને વિધવાઓએ નાતરૂં કરવું એવો તે શ્લોકનો અર્થ કરેલો છે. પણ તે શ્લોકના અર્થ જોતાં સાફ માલમ પડે છે કે, તેમાં નાતરૂં કરવાની વાત કાંઈ કહી જ નથી. એ જ શ્લોકનો વિચાર પુનામાં ફરશરામ ભાઉના વખતમાં થયો હતો તથા કાશીમાં પંડિતોની સભા ભરાઈ હતી તેણે પણ ગ્રન્થ છપાવીને એ શ્લોકનો વિચાર કરી લખેલું છે કે, નાતરૂં નહિ કરવું સુરતમાં પણ એ બાબત થોડા વર્ષ ઉપર પંડિતોની સભા

થઇ હતી. તેણે પણ નાતરૂં કરવાની ના કહી છે. એ રીતે સર્વ દેશના પંડિતોએ શાસ્ત્રથી વિચાર કરેલો છે તે સર્વેને ખોટા પાડી સુધારાવાળા પોતાનો કરેલો અર્થ સાચો કરીને બતાવે છે. પણ એ જ શ્લોકનો અર્થ અમે કરીને બતાવીએ છીએ. તે વાંચવાથી સર્વે લોકોનાં ખાતરી થઇ જશે, કે સુધારાવાળા લોકોને શાસ્ત્રથી ઉલટું બતાવે છે. એ બાબત અમારે કાંઇ લખવાની જરૂર ન હતી; પણ સુધારાવાળાએ અમારી સાથે એ વિષયમાં તકરાર કરીને ઉત્તર માંગેલો છે, માટે અમારે લખવું પડે છે. સુધારાવાળાએ છપાવેલો શ્લોક પહેલો-કાત્યાયન ઋષિનું વચનઃ—

वरो यदन्यजातीयः पतितः क्लीब एव वा ।
विकर्मस्थः सगोत्रो वा दासो दीर्घामयोपि वा ॥१॥
ऊढापि देया सान्यस्मै सहावरणभूषणा ।

અર્થઃ—સુધારાવાળાએ જે અર્થ લખ્યો છે તે કહીએ છીએ. કન્યા પરણ્યા પછી માલમ પડે કે વર બીજી જાતનો છે; અથવા પાપી, નપુંસક, અકર્મી, એક ગોત્રનો, અથવા ચાકર, મહારોગી હોય તો, પરણાવેલી કન્યા લુગડાં ઘરેણાં સહિત બીજા વરને આપવી. એ રીતે એ શ્લોકનો વર જીવતાં છતાં બીજાને કન્યા આપવાનું કહ્યું છે, ત્યારે વર મરી ગયા પછી તે કન્યા બીજા વરને કેમ ન પરણે? એ જ મતલબના વસિષ્ઠ ઋષિનાં વચન લખ્યાં છે. તે શ્લોકઃ—

कुलशीलविहीनस्य पश्चाद्धि पतितस्य च ।
अपस्मारिविधर्मस्य रोगिनं वेषधारिणम् ॥१॥
दत्तामपि हरेत्कन्यां सगोत्रोढां तथैव च ॥

અર્થઃ—સુધારાવાળાએ લખ્યું છે કે વર અધર્મ કુલનો હોય, નઠારા સ્વભાવનો હોય, પાપી હોય, ફેફસાના રોગવાળો હોય, અધર્મી હોય, મહારોગી હોય, વેષધારી, એક ગોત્રનો હોય તો પરણાવેલી કન્યા પાછી લઇને બીજાને પરણાવવી ત્રીજો શ્લોક કાત્યાયન ઋષિનોઃ-

वरयित्वा तु यः कश्चित् प्रणश्येत्पुरुषो यदा ।
ऋत्वागमांस्त्रीनतीत्य कन्याऽन्यं वरयेद्वरम् ॥

અર્થઃ—સુધારાવાળા લોકોએ લખ્યું છે કે, વર ગુજરી જાય ત્યાર પછી જ્યાંસુધી ત્રણવાર અટકાવ આવે, ત્યાં સુધી રહીને, પછી તે કન્યાએ બીજા વરને પરણવું. ચોથું નારદનું વચન લખ્યું છેઃ—

उद्वाहितापि सा कन्या न चेत् संप्राप्तमैथुना ।
पुनः संस्कारमर्हेत यथा कन्या तथैव सा ॥४॥

અર્થઃ—સુધારાવાળાએ અર્થ કર્યો છે કે,પરણાવેલી કન્યા હોય ને તેને વરની સાથે સંગ ન થયો હોય તો તે ફરીથી પરણાવા જોગ છે જેવી કન્યા તેવી જ તેને જાણવી. પાંચમો શ્લોક પારાશર ઋષિનું વચન લખ્યું છે તે શ્લોકઃ—

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥५॥

અર્થઃ—સુધારાવાળાએ લખ્યું છે કે પતિનો શોધ ન લાગતો હોય, પતિ મરી ગયો હોય, સંન્યાસી થઇ ગયો હોય, નપુંસક હોય, પાપી હોય એ પાંચ આફત બૈરીને માથે આવી પડે તો તે બૈરીએ બીજો પતિ કરવો. એ રીતે પાંચ શ્લોકનો અર્થ સુધારાવાળાએ ઉપર પ્રમાણે કરેલો છે; તે બિલકુલ ખોટો છે. હવે અમે નીચે બતાવી આપીએ છીએ. તે જોતાં જ સર્વેની આંખ ઉઘડી જશે કે સુધારાવાળા લોકો સર્વલોકોને જુઠા શાસ્ત્રના અર્થ કરીને ભમાવે છે. હવે પહેલા શ્લોક તથા બીજા શ્લોકની મતલબ એક જ છે. પહેલા શ્લોકમાં કાત્યાયન ઋષિનું વચન છે અને બીજા શ્લોકમાં વસિષ્ઠ ઋષિનું વચન છે. તેમાં સુધારાવાળા લોકોએ લખ્યુ છે કે, કન્યા પરણ્યા પછી વરમાં દોષ માલમ પડે, તો તે કન્યા વર જીવતે છતે બીજાને પરણાવવી એ રીતે લખ્યું છે, હવે જુઓ કે આ વસિષ્ઠનું સાફ બીજું વચનઃ—

पाणिग्राहे मृते बाला केवलं मंत्रसंस्कृता ।
सा चेदक्षतयोनिः स्यात् पुनः संस्कारमर्हति ॥

અર્થઃ– કન્યાનો, વર સાથે હાથીવાલો મલી ચુકયો છે, પણ કેવલ મંત્રથી જ સંસ્કાર થયો છે, તેના બાપે કન્યાદાન આપ્યું નથી, ને સપ્ત-પદીના મંગલફેરા કન્યા ફરી નથી, એટલામાં તેનો વર કોઇ રોગથી મરી જાય, ને તે વરે તે કન્યાનો સંગ કર્યો ન હોય, તો તે કન્યા ફરી પરણવા જોગ છે. પણ સપ્તપદી પછી તે કન્યા પરણવા જોગ નથી. એ રીતે વસિષ્ઠ ઋષિએ કહ્યું છે, ને સુધારાવાળા લોકો શ્લોક બીજામાં વસિષ્ઠ ઋષિના વચનનો અર્થ એ રીતે લખે છે કે, વસિષ્ઠ ઋષિએ એ રીતે કહ્યું છે કે, કન્યા પરણ્યા પછી વરમાં દોષ માલમ પડે, અથવા મરી જાય તો તે કન્યા બીજાને પરણાવવી. એ રીતે લખ્યું છે ત્યારે તો, વસિષ્ઠ ઋષિના બોલવામાં બે વાત આવી. એક ઠેકાણે હા ને બીજે ઠેકાણે ના એ રીતે કોઇ મૂર્ખ ગ્રન્થનો કરનાર પણ લખે નહિ. માટે તે શ્લોકનો અર્થ પણ આ શ્લોક પ્રમાણે છે. આ શ્લોકથી તે શ્લોકની સફાઇ વસિષ્ઠ ઋષિએ કરી છે. કદાચ કોઇ એમ કહેશે કે તેમાં ઊઢાપદ છે તે પરણેલી કન્યાનું વાચક છે; અને લુગડાં ઘરેણાં સુદ્ધાં કહી છે, માટે પરણેલી ફરી પરણાવવાનું કહ્યું છે; એ રીતે જો કોઇ કહેશે તો તેનો ઉત્તર એ કે, હાથીવાલો મળી ચુકયો ને વર કન્યાને માયરામાં પધરાવ્યાં તે સમે કન્યાને લુગડાં ઘરેણાં પહેરેલાં હોય છે. એટલામાં વરને કોગળીયું આવ્યું ને મરી ગયો; પણ સપ્તપદી એટલે મંગલફેરા ન ફર્યા હોય તો, તે કન્યા બીજા વરને પરણાવવી વસિષ્ઠ ઋષિએ કહી છે. આ ઉપલા શ્લોકમાં તે જ રીતે તે શ્લોકનો અર્થ સમજવો. ઊઢાપદનો અર્થ પ્રાપ્ત થવું, એટલે વરવું એટલો જ તે ઠેકાણે છે. કેમ જે वह् શબ્દની આગળ क्त પ્રત્યય થાય છે; તેથી ઊઢ શબ્દ વ્યાકરણની રીતથી થાય. वह् ધાતુનો અર્થ પ્રાપ્ત થવું એટલો જ છે. ને क्त પ્રત્યય તેના પૂર્વ સંસ્કારને જતાવે છે, પાછલના સંસ્કારને જતાવતો નથી. કન્યાને પૂર્વ સંસ્કાર હાથીવાલાના સપ્તપદી પહેલાના જે થયા છે તે બતાવે છે. સપ્ત પદી થઇ એટલે સમ્પૂર્ણ તે કન્યાનો સંસ્કાર થઇ ચુકયો છે, તેને क्त પ્રત્યય બતાવતો નથી માટે ઊઢા એટલે વરેલી કન્યા, પરણેલી નહી એવો અર્થ ઊઢાપદનો અહિયાં થયેલો છે. તે વાત પંડિતો હોય તે સમજે. એટલાજ સારૂ શ્રીમહારાજે સુધારાવાળાને કહ્યું કે, તમારી તરફથી ભણેલો શાસ્ત્રી તેડી લાવો. તે ઉપર સુધારાવાળા લોકોએ ટીકા

કરીને લોકોને બતાવ્યું કે એમ કહીને મહારાજ છટકી જવા માગે છે, પણ શાસ્ત્રીની વાતમાં જે શાસ્ત્ર ન ભણ્યો હોય તે શું સમજે કે, આ શબ્દ શી રીતે સિદ્ધ થયો? તેથી ઊઢાપદનો અર્થ કન્યાશબ્દ પાસે આવ્યાથી ફરી ગયો, કન્યાશબ્દ પરણાવાના પ્રકરણમાં વગર પરણેલી-નું વાચક છે, તેથી ઊઢાશબ્દનો અર્થ વરેલી કન્યા એવો થાય છે, પરણેલી એવો થતો નથી. સપ્તપદી પહેલાં વરેલી કહેવાય અને સપ્ત-પદી પછી પરણેલી કહેવાય સપ્તપદી એટલે વરની આસપાસ મંગલ ફેરા તે કન્યા સાત પગલાં ફરે છે તેને કહે છે. લોકપ્રસિદ્ધ શબ્દ જે બોલવામાં આવે છે. તેનો અર્થ વીશ પ્રકારે ફરી જાય છે, એવું વ્યાકરણમાં કહ્યું છે. તે જો ફેરવીને અર્થ ન કરે તો કહેનારનો અભિપ્રાય બરાબર જાણવામાં ન આવે; અને કહેનારથી ઉંધો અર્થ તે વચનનો થઇ જાય. તે સારૂ શાસ્ત્રવાળાએ તેનો અર્થ ફેરવીને કરવાનું કહ્યુ છે તે શ્લોકઃ—

संयोगो विप्रयोगश्च साहचर्यं विरोधिता ।
अर्थः प्रकरणं लिंगं शब्दं चान्यस्य सन्निधः ॥

અર્થઃ—સંયોગે કરીને, વિયોગે કરીને, તેની સંગાથે તથા તેના વિરોધ-થી, અર્થે કરીને, પ્રકરણે કરીને, શબ્દના લિંગે કરીને તથા બીજો શબ્દ તેમાં આવ્યાથી, યદ્યપિ પ્રસિદ્ધ શબ્દનો બોલવામાં બીજો અર્થ છે; તથાપિ તે શબ્દનો અર્થ બીજા શબ્દની પાસે આવવાથી તે શબ્દનો અર્થ ફરી જાય છે. એ રીતે વ્યાકરણમાં કહે છે. તેથી વસિષ્ઠ ઋષિના શ્લોકમાં કન્યાપદ છે તેની સાથે ઊઢાપદ આવેલું છે; તેથી એ ઊઢાપદ નો અર્થ વરેલી કન્યા એવો થાય છે, પરણેલી એવો થતો નથી. વસિષ્ઠના બીજા વચનમાં જ ના કહી છે કે, સપ્તપદી પહેલાં તેનો વર મરી જાય તો તે કન્યા બીજા વરને પરણે પછી નહી પરણે, એ રીતે કહે છે. પણ સુધારાવાળા લોકોએ તે સ્મૃતિઓમાંથી પોતાનો મતલબ પ્રમાણે અર્થ થાય તેવા શ્લોક લીધા છે; ને જે શ્લોકમાં સાફ અર્થ લખેલો છે તેવા શ્લોક તે સ્મૃતિના મુકી દીધા છે. તે આ વસિષ્ઠ ઋષિના બીજા શ્લોક ઉપરથી પકડાઇ આવે છે. એ જ રીતે નારદજીના શ્લોકનો અર્થ ઉંધો કરેલો છે. તે નારરદજીના બીજા વચનથી પકડાઈ આવે છે. એ વચન અમે આગળ બતાવ્યું છે.

શ્લોક ચોથામાં નારદનું વચન લખીને તેનો અર્થ કર્યો છે, કે પરણેલી કન્યા હોય ને તેને વરનો સંગ ન હોય, તો તે કન્યા પરણવા જોગ છે. જેવી કન્યા તેવી તેને જાણવી. એ રીતે તે શ્લોકનો અર્થ લખીને લોકોને બતાવ્યું છે કે, કન્યા પરણ્યા પછી વર મરી જાય તો તે કન્યા બીજા વરને પરણાવવા વિષે નારદજીએ કહ્યું છે, પણ જેવું કાત્યાયન ઋષિનું વચન છે તેવુંજ વસિષ્ઠનું વચન છે. એ રીતે સર્વ ઋષિઓનો મત એક છે જુદો નથી; કારણ કે સર્વે ઋષિઓએ વેદનો અર્થ પોતપોતાની સ્મૃતિમાં કહેલો છે. ઋષિમત જુદો કહે છે તે શાસ્ત્રમાં બરાબર સમજતા નથી. હવે નારદજીનાં બીજાં વચન કહીએ છીએઃ-

परिगृह्य तु यः कन्यां वरो देशान्तरं व्रजेत् ।
त्रीनृतून्समतिक्रम्य कन्याऽन्यं वरयेद्वरम् ॥ १ ॥
स्त्रीपुरुषयोस्तु सम्बन्धाद्वरणं प्राग्विधीयते ।
वरणाद्ग्रहणं पाणेः संस्कारोऽपि त्रिलक्षणैः ॥ २ ॥
तयोरनियतं प्रोक्तं वरणं दोषदर्शनात् ।
अद्भिर्वाचा च दत्तायां म्रियेतादौ वरो यदि ॥ ३ ॥
न च मात्रापनीता स्यात् कुमारी पितुरेव सा ।
पाणिग्रहणमंत्रास्तु नियतं दारलक्षणम् ॥ ४ ॥
तेषां निष्ठा तु विज्ञेया विद्वद्भिः सप्तमे पदे ।

અર્થઃ—કન્યાને વરવાનું કબુલ કરીને કોઇ વર પરદેશ જતો રહે, અને તેના સમાચાર ન આવે, તો ત્રણ ઋતુ એટલે છ મહીના તેની વાટ જોઇને, પછી તે કન્યા બીજા વરને પરણે. એ જ પ્રમાણે કાત્યાયન ઋષિના શ્લોક ત્રીજામાં કહ્યું છે. પણ સુધારાવાળાએ વરવાને ઠેકાણે પરણવું એવો અર્થ લખેલો છે. તેમાં " वरयित्वा तु यःकन्यां " વરયિત્વા એટલે વરવું એ વરવાનો અર્થ નારદજીએ આ શ્લોકમાં કહેલો છે કે, પરણ્યા પહેલાં વરવું કહેવાય છે. ઋતુનો અર્થ સુધારાવાળાએ

અટકાવનો લખેલો છે. કન્યાને અટકાવનો સંભવ નથી કન્યા તે દશ વર્ષની માંહે તથા કુવારી હોય તેનું નામ છે. માટે ઋતુ તે બે માસનું નામ છે, તેનો અર્થ અટકાવ લખેલો છે. અને નિર્ણયસિધુ ધર્મશાસ્ત્રનો ગ્રંથ છે તેમાં પણ ઋતુનો અર્થ બે માસનો લખેલો છે. ત્રણ ઋતુ એટલે છ મહીના વરની વાટ જોવી તે નિર્ણયસિન્ધુમાં લખ્યું છે.

वाग्दानोत्तरं वरस्य देशान्तरगमने षण्मासं प्रतीक्ष्यान्यस्मै देया ॥

અર્થઃ--વચનથી એક પુરૂષને કન્યા અપાયા પછી તે પુરુષ પરદેશ જતો રહે અને તેની ખબર ન આવે તો છ મહીના તેની વાટ જોઇને તે કન્યા બીજાને આપવી. એ રીતે ઋતુ શબ્દનો અર્થ તેણે પણ લખેલો છે અને સુધારાવાળા ઋતુ શબ્દનો અર્થ અટકાવનો કરે છે, અને વરેલીને પરણેલી કહે છે. એવા ઉંધા અર્થ કરીને લોકોને ભમાવે છે. માટે એવા લોકો ઉપર આજ પછી વિશ્વાસ રાખવો નહી. તે જ વરવાના અર્થ નારદજી આ બીજા શ્લોકમાં કહે છે. સ્ત્રી પુરૂષનો સમ્બન્ધ થયા પહેલાં વરવુ એવું નામ કહેવાય છે, એ વર્યા પછી હથેવાલો મળવાનો સંસ્કાર થાય છે. તે હથેવાલો મળ્યા સુધી પણ તે પરણવું મુકરર નથી કહેવાતું, તેટલા સુધી જો વરમાં દોષ જોવામાં આવે તો કન્યા બીજા વરને પરણાવવી કહી છે. કેમકે વચનથી તે કન્યા આપી છે એટલામાં જો વર મરી જાય તો કન્યા બીજાને પરણે, કારણકે હથેવાલાના મંત્રે કરીને સપ્તપદી જયારે થાય ત્યારે તે પરણવું મુકરર થયું કહેવાય છે. ત્યાર પછી તે કન્યા તે પુરૂષની સ્ત્રી થઇ ચકી પણ જયાં સુધી સપ્તપદી થઇ નથી ત્યાં સુધી તે કન્યા ઉપર તેના બાપની સત્તા છે, વરની સત્તા ત્યાં સુધી થતી નથી. એ રીતે વસિષ્ઠ ઋષિ તથા યમઋષિ તથા મનુઋષિ તથા નારદ ઋષિએ કહ્યું છે. એ રીતે સર્વ ઋષિઓનો એક મત છે. કારણકે સૌનું મૂલ વેદ એક છે. સપ્તપદી એટલે સાત પગલાં કન્યા વરની આસપાસ ફરે છે તેને કહે છે. આ જ ચાલ અસલથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વાણિઆમાં ચાલ્યો આવે છે, અને પરણવાનું શાસ્ત્ર પ્રાચીન છે. કાંઇ એ શાસ્ત્ર કોઇએ નવું

હમણા બનાવ્યું નથી. તેને ફેરવીને સુધારાવાળા નવી ચાલ કરવા માગે છે ને તેને ધર્મ કરી બતાવે છે પણ તેનું નામ ધર્મ કહેવાતું નથી તેનું નામ શાસ્ત્રમાં અધર્મ કરીને કહેલ છે સંવર્ત સ્મૃતિના પહેલા પ્રકરણમાં કહ્યું છે.—

यस्मिन्देशे य आचारः पारंपर्यक्रमागतः ।
आम्नायैरविरुद्धश्च स्वधर्मः परिकीर्तितः ॥

અર્થઃ—જે દેશમાં જે આચરણ પરંપરાથી ચાલ્યું આવ્યુ હોય, ને તે આચરણ વેદ શાસ્ત્રથી વિરૂદ્ધ ન હોય તેનું નામ ધર્મ કહેવાય; એ વગર બીજું અધર્મ કહેવાય. હવે જુઓ કે બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્યમાં વિધવાને પરણવાની રીત પરંપરાથી હિંદુસ્તાન દેશમાં નથી અને શાસ્ત્રમાં ના કહી છે. એ રીત પરંપરાની ચાલ, અને શાસ્ત્ર પ્રમાણ ચાલી આવેલી ચાલ, તે ચાલને મૂકીને નવી ચાલ કરવી; એ શાસ્ત્ર પ્રમાણે સાફ અધર્મ કહેવાય છે. કદિ તેને ધર્મ કહિ શકાય નહિ. એ રીતે અધર્મનું આચરણ કરવાનું લોકોને બતાવે છે, માટે વિચારીને કરવુ એ રીતે કાત્યાયન, વસિષ્ઠ, નારદ એ સર્વેના શ્લોકમાં એવોજ અર્થ છે કે, પરણ્યા પહેલાં વરમાં દોષ માલમ પડે તો જ તે કન્યા બીજા વરને પરણે, પણ પરણ્યા પછી સર્વથા તે કન્યા બીજાને અપાય નહી, એ વિષે સુરત પરગણામાં નવસારી ગામ છે, તે ગામમાં પુનાનો એક દક્ષણી સોની દક્ષણી બ્રાહ્મણની કન્યાને પરણ્યો હતો. તેની જાતની ખબર પડયાથી તેનો શાસ્ત્રાર્થ થોડા વર્ષ ઉપર સુરતના પંડિતોએ કરેલો હતો. પણ સર્વે સ્મૃતિઓમાંથી એમ જ નિકળ્યું કે, સપ્તપદી પછી બીજા વરને કન્યા અપાયજ નહી. તે સભામાં એકાવન પંડિતોના એકડા થયા હતા, તે એકડા કરનાર પંડિતો હજુ સુરતમાં છે તેથી તે કન્યા બીજાને પરણી નહી અને બાપના ઘરમાં જ જુદી રહી, એ રીતે કાશી, પુના અને સુરતના સર્વ પંડિતો, એ વાતનો વિચાર કરી ચૂકેલા છે. તે ઉપરાન્ત સુધારાવાળા તો મ્હોટા પંડિત છે, તેનું શું કહેવું ?!!! જુઓ કે બૌધાયન ઋષિએ સાફ ના કહી છેઃ—

वाचा दत्ता मनोदत्ताऽग्निपरिगता सप्तमं पदं नीता भुक्ता ग्रहीतगर्भा प्रसूता चेति । सप्तविधा पुनर्भूस्तां ग्रहित्वा न प्रजा न धर्मं विन्देत ॥

અર્થઃ—વચનથી આપેલી ૧, મનથી આપેલી ૨, અગ્નિથી આપેલી ૩, સપ્તપદીના મંગલ ફેરા ફરેલી ૪, ગર્ભસહિત હોય તે ૫, બીજા પુરૂષે ભોગવેલી ૬, અને છોકરૂં જણેલી ૭, આ સાત પ્રકારની સ્ત્રીઓ પુનર્ભૂ કહેવાય છે; તે પુનર્ભૂ સ્ત્રીઓને બીજો કોઇ પરણે તો તે પુરૂષને પુત્રાદિક અધર્મી થાય. અને પોતે પણ અધર્મી થાય. તે સ્ત્રીથી ધર્મની હાનિ થાય. એ રીતે એક બીજાથી એક એકનો ચડતો દોષ છે, વચનથી અગ્નિદત્તાનો દોષ વિશેષ છે; તે કરતાં સપ્તપદી થએલીને લેવાનો દોષ વિશેષ છે, એ રીતે છોકરૂં થએલી સુધી ચડતો દોષ લેનાર પુરૂષને લાગે છે. એ રીતે બોધાયન ઋષિએ કહ્યું છે. અને નારદજીએ કહ્યું છેઃ--

तस्मात् सर्वासामेव पुनर्भूणां पुनर्भूत्वानुपपत्तिः ॥

અર્થઃ--એ સર્વ પ્રકારની પુનર્ભૂ સ્ત્રીઓ છે. તે બીજાને પરણે તો તેણે જાર કર્મ કર્યું એમ જાણવું. એ રીતે નારદે કહ્યું છે. માટે સુધારાવાળાઓને પોતાની છોકરીઓને જાર કર્મ કરાવવું હોય તો ભલે કરાવે, પણ શાસ્ત્ર રીતથી તેને વરવાનું કહ્યુ નથી. અને આશ્વલાયન ઋષિએ સાફ કહ્યું છે તે શ્લોકઃ--

अज्ञातश्च द्विजो यस्तु विधवामुद्वहेद्यदि ।
परित्यज्य तु तां चैव प्रायश्चित्तं समाचरेत् ॥

અર્થઃ-અજાણથી કોઈ બ્રાહ્મણે વિધવા સાથે લગ્ન કર્યું હોય, ને તે જાણવામાં આવે, તો તે સ્ત્રીનો ત્યાગ કરવો, ને તેના દોષનું પ્રાયશ્ચિત્ત કરવુ. એ રીતે વિધવા સ્ત્રીને પરણવાનો દોષ કહેલો છે એ રીતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, એ ત્રણે ઉત્તમ જાતમાં વિધવાનું લગ્ન કરવાની ચાલ છે જ નહિ એ સાફ જણાય છે અને ધણી મુવા પછી સ્ત્રીઓના ધર્મ સ્મૃતિઓમાં પુરાણોમાં જ્યાં જ્યાં કહેલા છે, ત્યાં ત્યાં એમ જ કહ્યું છે કે, ધણી મુવા પછી તણે બીજા પુરૂષનું નામ ન લેવું; જન્મ સુધી બ્રહ્મચર્યવ્રત રાખવું એ મનુસ્મૃતિમાં કહ્યું છેઃ--

यस्मै दद्यात्पिता त्वेनां भ्राता वानुमते पितुः ।
तं शुश्रूषेत जीवन्तं संस्थितं न च लंघयेत् ॥१॥

न तु नामाऽपि ग्रहणीयात् पत्यौ प्रेते परस्य तु ॥२॥

અર્થઃ—કન્યાના બાપે તથા માએ જે પુરૂષને કન્યા પરણાવી તેની સેવા જીવતા સુધી તે કન્યાએ કરવી તેની આજ્ઞાનું ઉલ્લંઘન કદિ કરવું નહી, અને તે પતિ મરી જાય ત્યાર પછી કોઇ પુરૂષનું નામ ન લેવું, એ રીતે મનુસ્મૃતિમા કહ્યું છે એ મનુસ્મૃતિ સતૂયુગની છે. સત્યુગ તે પહેલો યુગ છે. એ જ રીત બૃહન્નારદીય પુરાણ તથા સર્વે ઋષિઓની સ્મૃતિઓમાં કહ્યું છે કે ધણી મુવા પછી બીજો ધણી તે સ્ત્રીએ કરવો નહી, એ જ રીતે વેદમાં કહ્યું છે. એ રીતે બીજો ધણી સ્ત્રીએ કરવો નહી એવું સર્વે શાસ્ત્રમાં કહ્યુ છે. તેમાં કલિયુગમાં તો સર્વથા ન કરવો. એ માટે સર્વે પુરાણ તથા સ્મૃતિઓમાં નિષેધ છે બ્રહ્મપુરાણમાં કહ્યું છેઃ—

स्त्रीणां पुनर्विवाहस्तु देवरात्पुत्रसंततिः ।
स्वातंत्र्यं वा कलियुगे न कर्त्तव्यं कदाचन ॥

અર્થઃ–સ્ત્રીનો ફરી વિવાહ તથા દીયરથી પુત્ર ઉત્પન્ન કરાવવો અને સ્ત્રીઓએ એકલી જયાં ત્યાં જવું, એ ત્રણ વાત કલિયુગમાં કદિ ન કરવી. એજ રીતે આદિ પુરાણ તથા બીજી સ્મૃતિઓમાં સાફ ના કહી છે. એ ઠેકાણે કોઇ એમ કહેશે કે, જયારે કલિયુગમાં સ્ત્રીઓને ફરી પરણવાની ના કહી, તે ઉપરથી જ એવું જણાય છે કે બીજા યુગમાં એ ચાલ હતી, એ રીતે જો કહેશે તો તેનું ઉત્તર બૌધાયન ઋષિએ સાફ કહ્યું છે કે વિધવાનું લગ્ન કરવાની ચાલ બીજા કલ્પમાં હતી. કલ્પ એટલે બીજી સૃષ્ટિ. આ કલ્પની સૃષ્ટિમાં એ ચાલ કરવી કહી નથી. કલ્પ એટલે બ્રહ્માજીનો એક દિવસ, તેમાં સવારમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને સાંજે તે સૃષ્ટિનો નાશ થાય છે. બીજે દીવસે ફરી સૃષ્ટિની ઉત્પત્તિ થાય જ, તે ઉત્પત્તિનો પ્રકાર પણ જુદી જુદી રીતથી થાય જ, કોઇવાર બ્રહ્માથી, કોઇવાર શિવથી, કોઇવાર શક્તિથી તથા ગણપતિથી, એ રીતે જે વખતે ભગવાન્‌ની જેવી ઇચ્છા તે રીતે સૃષ્ટિની ઉત્પત્તિ જુદા જુદા પ્રકારથી કલ્પે કલ્પે થાય છે, તે સૃષ્ટિને ચલાવવાનો કાયદો પણ જુદી રીતનો ભગવાન્ ઇચ્છા પ્રમાણે કરે છે તેમ પૃથ્વીનો આકાર

પણ જુદા જુદી રીતનો, કોઈવાર ત્રણ ખુણી, કોઇવાર ગોળ, તેમ સુર્ય, ચંદ્ર, નક્ષત્ર ી ચાલ પણ જુદી જુદી રીતની થાય છે, એ રીતે એક એક કલ્પની કથા એક એક પુરાણમાં જુદી જુદી કહી છે, કેમકે ભગવાન અનાદિ કાલથી લીલા કરે છે. માટે ભગવાન્‌ની લીલા અનંત કહી છે. જો એકજ પ્રકારની લીલા હોય તો ભગવાન્‌ની અનંત લીલા કહેવાય નહિ. એ પુરાણની કથા શાસ્ત્રથી અજાણ્યા લોક સાંભળે છે, ત્યારે એમ કહે છે કે કોઈ પુરાણની એક કથા મળતી નથી, તેથી એ કથા ઋષિએ પોતાની કલ્પનાથી જોડી કહાડી છે; માટે દંતકથા છે. કોઇ કહે છે કે ઋષિમત જુદા જુદા છે, પણ એ વાત વ્યાસજીએ મત્સ્ય પુરાણમાં સાફ કરીને કહ્યું છે જે ફલાણા પુરાણમાં ફલાણા કલ્પની કથા કહી છે. તે સર્વે શ્લોકસહિત આ ગ્રન્થમાં લખતા વિસ્તાર થઇ જાય તે સારૂ એ વાતનો પ્રસંગ આવેથી બીજા ગ્રન્થમાં લખીશું. પુરાણ શબ્દનો અર્થ એ છે કે પ્રાચીન કથા જેમાં કહી હોય છે તેનું નામ પુરાણ કહેવાય છે. માટે આ કલ્પની સૃષ્ટિની એ ચાલ નથી. તે બૌધાયન ઋષિએ કહ્યું છેઃ—

विधिर्यो निश्चितः पूर्वं क्रियते नेह साम्प्रतम् ।
पुरा कल्पेषु एतच्च विधवाया नियोजनम् ॥

અર્થઃ-વિધવાને લગ્ન કરવાની વાત જે પુરાણમાં કહી તે વાત બીજા કલ્પની કહી છે, આ કલ્પની કહી નથી. માટે આ કલ્પમાં એ વાત કરવાની નથી. એ રીતે સાફ કહ્યું છે, તે ઉપરાંત બીજા યુગની વાત કહીને આ યુગમાં કરવાનું કોઇ કહેશે, તો પણ હમેશાં કલિયુગમાં એ વાત કરવાની ના જ કહી છે તે ના કહેનાર ઋષિઓ સાધારણ બ્રાહ્મણ નથી, પણ બ્રહ્માજીના પુત્ર જે નારદાદિ ઋષિઓ તે જ શાસ્ત્રની પ્રવૃત્તિ કરવનારા છે, તેમણે જ ના કહી છે. કેમકે એ વિધવાનું દુઃખ અસલથી સર્વેને છે. હમણાં જ વિધવા થાય છે એવું તો કાંઇ છે જ નહિ. એમાં કોઇને સુખ નથી તથાપિ હિંદુઓમાં જેની વાત કબુલ થઇ હશે તે સમર્થ પ્રતાપી હશે, ત્યારે જ તેવી વાતને કબુલ કરી હશે. અને તે ઋષિઓ પાસે કાંઇ ફોજ નહોતી જે મારી ઠોકીને લોકોને કબુલ કરાવે, તેવું પણ કાંઇ છે નહિ માટે હિંદુ શાસ્ત્રને જાણનાર

જે પુરૂષ હશે તે સર્વથા એ વાત કરનાર નથી. પછી કરશે તો તે ભોગવશે.

અને સુધારાવાળાએ જે કાત્યાયન ઋષિ વસિષ્ઠ અને નારદજીનાં વચનો લખીને પુનર્વિવાહ કરવાનું લખ્યું છે, પણ તેમાં પુનર્વિવાહ કરવાનું મુદ્દલ કહ્યું નથી, કારણ કે પુનર્વિવાહ કરવાનો ચાલ ઉત્તમ વર્ણમાં હોય તો તેને ફરી ઋષિઓ ના કહે શું કામ? એ જ વાતનો વિચાર કરો. તે ઋષિએ બૌધાયન ઋષિના કહ્યા ઉપરથી તેનો ખુલાસો લખેલો છે. તે આ રીતે, કે બૌધાયન ઋષિએ કહ્યું કે સાત પ્રકારની પુનર્ભૂ સ્ત્રીઓની સાથે જે પુરૂષ લગ્ન કરે તે પુરૂષને ધર્મની હાનિ થાય, પણ તે ઋષિએ એ વચન વરના દોષ બનાવ્યા વગર શાસ્ત્ર ઉપર સાધારણ રીતે કહ્યું હતું. જે વરમાં દોષ ન હોય ને વચનથી, અગ્નિથી, આપેલી કન્યા, તેના માબાપ બીજાને આપે તો લેનાર તથા આપનાર બન્નેને દોષ લાગે એ રીતે વચનથી કન્યા આપીને વર મરી જાય, ત્યારે તે કન્યાને જન્મ સુધી દુઃખ ભોગવવું પડે. કેમકે આઠ વર્ષની કન્યાનો વિવાહ કરે છે, અગિઆર વર્ષ સુધી પરણાવે છે. એટલામાં દોષ માલમ પડે અથવા વર બીજી જાતનો માલમ પડે અથવા મરી જાય, તો તે કન્યા સપ્તપદી પહેલાં બીજા વરને આપવી. એ રીતે બૌધાયન ઋષિના વચનનો અભિપ્રાય વસિષ્ઠ, નારદ, કાત્યાયન ઋષિએ કહેલો છે. એ વચન પુનર્વિવાહ કરવા ઉપર કહ્યાં નથી. કારણ કે પુનર્વિવાહનો ચાલ હિંદુમાં હોય તો એ ઋષિને ફરીથી એ વચન કહેવાની જરૂર નથી, માટે એ જ વચન ઉપરથી સાફ માલમ પડે છે કે ઉત્તમ વર્ણમાં એ ચાલ અસલથી છે જ નહિ. અને સુધારાવાળા લોકો રાવણનું તથા ઇંદ્રનું તથા અર્જુનનું દૃષ્ટાંત આપીને પુનર્વિવાહની ચાલ છે એવું બતાવે છે, પણ ઇંદ્ર એ દેવસૃષ્ટિમાં છે, અને ઇંદ્રાણી સદા જીવતી છે, ઇંદ્ર પડે પણ ઇંદ્રાણી મરે જ નહિ એવી સ્ત્રીએ મનુષ્યસૃષ્ટિમાં કોણ છે? માટે દેવસૃષ્ટિની વાત મનુષ્યમાં લગાડવી નહિ મનુષ્યસૃષ્ટિને જે કાયદો લાગુ પડે છે તેને માનવો તેમ અર્જુનને આદિ લઇને જેટલા યાદવો છે તે સર્વે દેવતા છે, એવું પુરાણોમાં લખેલું છે. માટે એની ચાલ આપણે કરવા સમર્થ નથી અર્જુને

શ્રીમહાદેવજી સાથે યુદ્ધ કરેલું છે, ને આપણે તો શ્રીમહાદેવજીને નજરે પણ દેખતા નથી. તે રીતે રાવણ ને રાક્ષસી સૃષ્ટિમાં છે જેથી સર્વે દેવતા ભય પામતા હતા, માટે તે સૃષ્ટિની વાત આપણામાં લેવાઈ શકાય નહીં, આપણે તો શાસ્ત્રની શિક્ષા જે રીતે છે તેજ રીતે ચાલવું, જો તેમ નહી ચાલે તો શાસ્ત્ર પ્રમાણે તેને દંડ થશે, એ વાત ખચીત કરીને જાણવી.

अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः।
मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक्कर्म करोतु कायः॥१॥

અર્થ—હે ભગવન્! તમારા ચરણારવિંદના મૂલમાં વસનારા દાસોનો પણ દાસ હું ફરી ફરીને થાઉં, અને મારૂં મન, આપ પ્રાણઆધારના ગુણોનું જ સ્મરણ કરે; તથા મારી વાણી આપના સદ્‌ગુણોનું કીર્તન કરે; તેમજ શરીર આપની સેવા કરે; આટલું માગી લેઉં છું. ૧

यदुक्तं तातचरणैः श्रीकृष्णः शरणं मम।
तत एवास्ति नैश्चिंत्यमैहिके पारलौकिके ॥२॥

અર્થઃ—અમારા તાત ચરણે એટલે પિતાજી શ્રીમહાપ્રભુએ, " श्रीकृष्णः शरणं मम " એ રીતે જે કહેલું છે તેથી જ આ લોક તથા પરલોક સંબંધી કાર્યના વિચારમાં નિશ્ચિંતપણું છે. ૨

સંવત ૧૯૭૧ ના જેઠ વદિ ૧૩ શનિવાર
તા. ૧૦-૭-૧૯૧૫
જેઠાભાઇની પોળ-ખાડીયા-અમદાવાદ.

લી. દાસાનુદાસ
વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ
ના દીનતાપૂર્વક જયશ્રીકૃષ્ણ વાંચશો.

॥ श्रीहरिः ॥

॥ श्रीमथुरेशो जयति ॥

अथ श्रीयमुनाष्टकनी संक्षेपथी भावार्थ टीका लखे छे ॥

श्रीकृष्णाय नमः । श्रीगोपीजनवल्लभाय नमः ॥ श्रीविठ्ठलेशसद्गुरवे नमः ॥

पृथ्वीवृत्त.

श्लोकः—नमामि यमुनामहं सकलसिद्धिहेतुं मुदा
मुरारिपदपङ्कजस्फुरदमंदरेणूत्कटाम् ।
तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना
सुरासुरसुपूजितस्मरपितुः श्रियं बिभ्रतीम् ॥ १ ॥

पदानि—[१] नमामि, [२] यमुनाम्, [३] अहम्, [४] सकलसिद्धिहेतुम्, [५] मुदा, [६] मुरारिपदपङ्कजस्फुरदमंदरेणूत्कटाम्, [७] तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना, [८] सुरासुरसुपूजितस्मरपितुः [९] श्रियम्, [१०] बिभ्रतीम् ।

सान्वयपदार्थः—[४] सकलसिद्धिहेतुम् સર્વ સિદ્ધિઓને આપનારાં; [६] मुरारिपदपङ्कजस्फुरदमंदरेणूत्कटाम् મુર નામે દૈત્યના શત્રુ (જે ભગવાન્ તે) ના ચરણકમલ વિષે પ્રકાશમાન અને ઘણી એવી રજ જેમાં (જલ કરતાં) અધિક છે, અને [७] तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना કિનારામાં રહેલાં નવાં વનોમાં ખુલ્લી રીતે દેખાતાં, હર્ષરૂપી ફુલ સહિત જલે કરીને [८] सुरासुरसुपूजितस्मरपितुः સુર અને અસુરોએ સારી રીતે પૂજાયલા સ્મરના પિતા (શ્રીકૃષ્ણ)ની श्रियम् શોભાને बिभ्रतीम् ધારણ કરનારાં

૨ ૩ ૫ ૧
यमुनाम् શ્રીયમુનાજીને अहम् હું मुदा હર્ષવડે नमामि નમન કરૂં છું.

ટીકા—પુષ્ટિમાર્ગની સર્વ સિદ્ધિઓને આપનારાં; સુર દૈત્યના શ
શ્રીકૃષ્ણચંદ્રના બન્ને ચરણકમલમાં પ્રકાશમાન એટલે સેવોપયોગ
દેહ સિદ્ધ કરી આપવામાં ઉન્મુખ—તૈયાર અને અમંદ એટલે શ્રીવ્રજ
ભકતોનાં ચરણરજની સાહિત્યથી ઘણીક એવી રેણુ જેમાં જલ કરત
અધિક છે, અને કિનારામાં રહેલાં નવાં વનોમાં ખુલ્લી રીતે દેખા
હર્ષરૂપી ફુલ, તે સહિત જલવડે સુર અને અસુરોએ સારી રીતે પૂ
કરાયલા સ્મરના પિતા શ્રીકૃષ્ણ તે સમ્બન્ધી શોભાને ધારણ કરનાર
શ્રીયમુનાજીને હું હર્ષવડે એટલે આનંદથી નમન કરૂં છું.

ટિપ્પણ—स्मरापितुः આ ઠેકાણે स्मर એટલે કામદેવ—પ્રદ્યુમ્ન, તેન
पितुः એટલે જનક (શ્રીકૃષ્ણ) આવો અર્થ સ્પષ્ટ રીતે સર્વને જણાઈ
આવે છે, તો પણ તેવો અર્થ નહિ કરતાં स्मरणं स्मरः એમ વ્યાકરણન
નિયમ પ્રમાણે વ્યુત્પત્તિ કરીને स्मर એટલે સ્મરણના पितुः એટલે
જનક અર્થાત્ સ્મરણજનક—સ્મરણ કરાવી આપનારા શ્રીકૃષ્ણ એવે
અર્થ કર્યો છે તેથી એમ સમજવું કે " यं मां स्मृत्वा निष्कामः सकामो
भवति " પ્રથમ નિષ્કામ હોય તો પણ મને યાદ કરીને સકામ થાય છે
અર્થાત્ પ્રથમ નિષ્કામ હોય અને તેને શ્રીભગવાનનું સ્મરણ થાય
તેથી તે પુરૂષ શ્રીભગવાન્માં કામવાળો થાય છે; એ રીતે શ્રીગોપાલ
તાપનીય ઉપનિષદ્ની શ્રુતિથી જેમ શ્રીભગવાનને સ્વવિષયક કામ
જનકપણું છે, તેમ તે જ શ્રીભગવાન્ની શોભાને ધારણ કરનારાં શ્રી
યમુનાજી પણ પોતાના જલનું દર્શન કરનારાઓને શ્રીભગવત્સ્મરણ
જનક છે. એવો ભાવ બતાવવા સારૂ અહિં स्मरापितुः એ પદ મૂકેલું છે
કાંઈ પ્રદ્યુમ્નના પિતા એવો અર્થ જણાવવા સારૂ નથી.

सुरासुरसुपूजित, અહિં વાસ્તવિક રીતે તો એવો ભાવાર્થ છે
સુરાસુર શબ્દેકરીને સર્વાત્મભાવવાળાં અને કામભાવવાળાં એમ બ
પ્રકારનાં સ્વામિનીઓ કહેલાં છે. તેણે પુષ્પના આભરણોથી પ્રભુને
શૃંગાર ધરાવ્યો છે. તેથી તેઓને પ્રભુ ભાવજનક થયા.

પૂજાપક્ષમાં દૈન્યભાવ અને માનભાવયુક્ત એવાં આગળ કહેલાં બે પ્રકારનાં સ્વામિનીઓએ પ્રભુની પૂજા કરી. તેમાં દૈન્યભાવવાળાંએ પ્રભુના પ્રાકટ્ય સારૂ એટલે શ્રીભગવાન દર્શન દે તે સારૂ અને માનભાવવાળાંએ અનુનય કરવું એટલે મનામણું કરવું તે સારૂ પૂજન કર્યું, પૂજન એટલે શ્રીભગવત્પરાયણ થઇ ભગવાનને અનુસરવું અર્થાત્ સાવધાન થઇને પ્રભુ કહે તેમ કરવું તે પૂજન; એવો ભાવ છે કાંઇ સુરાસુરપદે કરીને દેવતા અને દૈત્ય એમ નહિ સમજવુ.

श्लोकः-कालिंदगिरिमस्तके पतदमंदपूरोज्ज्वला
विलासगमनोल्लसत्प्रकटगंडशैलोन्नता ।
सघोषगतिदंतुरासमधिरूढदोलोत्तमा
मुकुन्दरतिवर्धिनी जयति पद्मबंधोः सुता॥२॥

पदानि—[1] कालिंदगिरिमस्तके, [2] पतदमंदपूरोज्ज्वला, [3] विलासगमनोल्लसत्प्रकटगंडशैलोन्नता, [4] सघोषगतिदंतुरा, [5] असमधिरूढदोलोत्तमा, [6] मुकुन्दरतिवर्धिनी, [7] जयति, [8] पद्मबंधोः, [9] सुता ।

सान्वयपदार्थः—[1] कालिंदगिरिमस्तके કલિંદ પર્વતના શિખર ઉપર [2] पतदमंदपूरोज्ज्वला પડતા એવા ઘણા પ્રવાહે કરીને ઉજ્જવલ (અને) [3] विलासगमनोल्लसत्प्रकटगंडशैलोन्नता વિલાસપૂર્વક ચાલવાથી શોભાયમાન અને ખુલ્લી રીતે દેખાતા ગંડશૈલોએ કરીને ઉંચાં [4] सघोषगतिदंतुरा શબ્દ સહિત ચાલવાથી વિવિધ પ્રકારના વિકારવાળાં (અને) [5] असमधिरूढदोलोत्तमा સારી રીતે આરોહણ કરેલી હોય નહિ શું, ઉત્તમ પાલખી જેણે એવાં [6] मुकुन्दरतिवर्धिनी મુક્તિને આપનારા (જે શ્રીભગવાન્ તે)

માં પ્રીતિને વધારનારાં पद्मबंधोः કમલના બંધુ (જે સૂર્ય તે)નાં सुता પુત્રી (એવાં શ્રીયમુનાજી) जयति જયને પામે છે.

ટીકાઃ-કલિંદ નામે પર્વતના શિખર ઉપર પડતા એવા ઘણા પ્રવાહે કરીને ઉજ્જવલ વિલાસ પૂર્વક ચાલવાથી શોભાયમાન અને ખુલ્લી રીતે દેખાતી મ્હોટી શિલાઓએ કરીને અતિશય ઉંચા, શબ્દ સહિત ચાલવાથી વિવિધ પ્રકારના વિકારવાળાં, ઉત્તમ પાલખી જાણે આરોહણ કરેલી હોય નહિ શું ? અર્થાત્ ઉત્તમ પાલખીમાં જાણે બેઠાં ના હોય તેમ દેખાતાં એવાં અને મુક્તિને આપનારા જે શ્રીભગવાન્ તેમાં પ્રીતિને વધારનારા અને કમલના બધુ જે શ્રીસૂર્ય તેનાં પુત્રી શ્રીયમુનાજી જયને પામે છે.

ટિપ્પણ-पतदमंदपूरोज्ज्वला આ ઠેકાણે એવું સમજવું કે સૂર્યમંડલથી ઘણે દૂર રહેલા કલિંદગિરિ ઉપર પડવાથી થતાં ફીણ; અને વેગથી ચાલતો પ્રવાહ તેણે કારને શ્રીયમુનાજીમાં દેખાતું ઉજ્જવલપણું એટલે સફેતપણુ તે, આગંતુક છે, એટલે આવેલું છે. અને તે બાહિર દેખાય છે. કાંઈ સહજ-સ્વભાવિક નથી એમ पतत् અને अमंदपूर એ શબ્દોથી જણાવ્યુ છે તેથી શ્રીયમુનાજીના સહજ શ્યામસ્વરૂપપણામાં બાધ આવતો નથી એમ સમજવું.

असमधिरूढदोलोत्तमा આ ઠેકાણે એવો ભાવ છે કે શ્રીયમુનાજી પોતે દોલામાં બિરાજે છે તો પણ કેમ જાણે નહિ બિરાજતાં હોય એમ માને છે; કારણ કે પોતાના સ્વામી શ્રીપ્રભુ; તેની સામે જાય છે તેથી ભગવત્સંબંધી ભાવમાં વિવશ થઈને તેને કેવલ ગમનમાત્રની જ સ્ફૂર્તિ હોવાથી આરોહણ કરેલી ઉત્તમ દોલાની યાદી નથી. પોતે આધિદૈવિક સ્વરૂપ છે. અને દોલાને ઠેકાણે આધિભૌતિક જલરૂપ પાલખી છે. તેથી જ અહિં કેવલ दोला એમ નહીં કહેતાં उत्तम दोला એમ કહેલુ છે એમ સમજવુ.

श्लोकः-भुवं भुवनपाविनीमधिगतामनेकस्वनैः
प्रियाभिरिव सेवितां शुकमयूरहंसादिभिः ।

तरंगभुजकंकणप्रकटमुक्तिकावालुका
नितंबतटसुंदरीं नमत कृष्णतुर्यप्रियाम् ॥३॥

पदानि–भुवम् ,भुवनपाविनीम् ,अधिगताम् ,अनेकस्वनैः प्रियाभिः, इव, सेविताम्, शुकमयूरहंसादिभिः, तरंगभुजकंकणप्रकटमुक्तिका-वालुकानितंबतटसुंदरीम्, नमत, कृष्णतुर्यप्रियाम् ।

સાન્વયપદાર્થઃ–भुवनपाविनीम् (સર્વ) લોકને પવિત્ર કરનારાં भुवं પૃથ્વી ઉપર अधिगताम् પધારેલાં प्रियाभिः પ્રિય સખીઓ इव જેમ (તેમ) अनेकस्वनैः અનેક જેમના શબ્દો છે, (એવા) शुकमयूरहंसादिभिः પોપટ, મોર, અને હંસ વગેરે (પક્ષીઓ)એ सेविताम् સેવા કરાયેલાં (અને) तरंगभुजकंकणप्रकटमुक्तिकावालुकानितंबतटसुंदरीम् તરંગ જે લહેરો તે રૂપી ભુજામાં (રહેલા) કંકણ વિષે ખુલ્લી રીતે દેખાતા મુક્તાફલરૂપી જે વાલુકા (વેળુ) તે વડે યુક્ત એવા કટિપશ્ચાદ્‌ભાગે કરીને સુંદર એવાં कृष्णतुर्यप्रियाम् કૃષ્ણના ચોથાં પ્રિયા (શ્રીયમુનાજી) ને नमत (તમે) નમન કરો

ટીકા–સર્વ લોકને પવિત્ર કરનારાં અને તેટલાજ માટે પૃથ્વી ઉપર પધારેલાં અને દાસીઓએ જ જેમ સેવા કરાય તેમ અનેક શબ્દવાળાં પોપટ, મોર અને હંસ વિગેરે પક્ષિઓએ સેવા કરાયેલાં અને પોતાની લહેરોરૂપી શ્રીહસ્તવિષે રહેલાં કંકણમાં ખુલ્લી રીતે દેખાતાં મુક્તાફલ રૂપી વેળુવડે યુક્ત એવા કટિપશ્ચાત્ ભાગથી સુંદર એવાં શ્રીકૃષ્ણ પ્રભુનાં ચોથાં પ્રિયા શ્રીયમુનાજીને તમો બધા નમન કરો.

ટિપ્પણ–આ ઠેકાણે એમ સમજવું કે જ્યારે શ્રીયમુનાજીની લહેરો કિનારા ઉપર આવી ને ચોતરફ પ્રસરી–ફેલાઇ જાય છે. ત્યારે ત્યાં રહેના વાલુકા મોતીની માફક ભાસે છે, પણ તે વાલુકા નથી તે તો લોકપ્રતીતિ-માત્રજ વાલુકા છે; પરંતુ આપના શ્રીહસ્તમાં રહેલાં કંકણમાંનાં મુક્તા

ફલો જ છે એવો ભાવ જાણવો. तुर्यप्रिया આ ઠેકાણે રૂકમણી, જાંબુવતી અને સત્યભામા વગેરેની ગણત્રીથી શ્રીયમુનાજીને ચોથાં પ્રિયા (સ્ત્રી)પણું સમજવું નહી; કારણ कालिंदीति समाख्याता वसामि यमुनाजले એ રીતે મૂળ શ્રીભાગવતમાં કાલિંદીનું કહેવું છે કે કાલિંદી એવું મારૂં નામ છે અને હું યમુનાજીના જલમાં રહું છું; મારા જલમાં રહું છું એમ નહીં કહેતાં યમુનાજીના જલમાં રહું છું એમ કહ્યું છે માટે યમુનાજીને પોતાથી જુદાં કહ્યાં છે. તેમજ તે બન્નેને परस्पर આધિદૈવિક કે આધિભૌતિક પણું ન સમજવું કારણ કે તે પણ શ્રીમહાપ્રભુજીએ તે જ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં ઘટતી યુક્તિસહિત નિરસ્ત કર્યું છે તથા શ્રીયમુનામાહાત્મ્યમાં પણ રૂકમણી, જાંબુવતી, અને સત્યભામા એમ ત્રણ અને ચોથાં શ્રીયમુનાજી એ રીતે ચોથાં કહેલાં નથી અને સાત્ત્વિકાદિ ભેદ માનીને શ્રીયમુનાજીને નિર્ગુણપણાથી ચોથાં કહેલાં છે. માટે શ્રીયમુનાજીને અહિં તુર્યપ્રિયાપણું કહેલું છે. અહિં કોઇને શંકા થાય કે જો તમે યમુનાંજીને આઠ મહિષીઓ (પટ્ટરાણીયો) માં નહીં ગણો તો પ્રિયાપણું જ નહિં સિદ્ધ થાય. અને જ્યારે પ્રિયાપણું નહીં થાય તો પછી ચોથાં પ્રિયાપણું સિદ્ધ થવાની તો વાત જ કયાંથી? તો અહિં એવી શંકા થતી નથી, કારણ કે યમુનામાહાત્મ્યમાં શ્રી-યમુનાભિષેકના અધ્યાયમાં કહ્યું છે કે તમારા જેવાં બીજાં કોઇ પવિત્ર કરનારાં નથી. વળી “ अपि ब्रह्महणः पापमपनेष्यसि सेविता ॥ सप्तरात्राणु सान्निध्यं न ते त्यक्ष्यामि कर्हिचित् ” સાત રાત્રિ સુધી સેવા કરાયેલાં તમો જો કે સેવનાર બ્રહ્મહત્યાવાળો હોય તો પણ તેનાં પાપને નાશ કરશો. અને હું પણ તમારૂં સન્નિધિપણું કયારે છોડીશ નહીં. એ રીતે શ્રીભગવાને જ સર્વદા પોતાની સન્નિધિરૂપી વરદાન વગેરે અર્થોથી પ્રિયાપણું સિદ્ધ કરેલું છે. માટે નિર્ગુણપણાથી ચોથાં પ્રિયાપણું સમજવું. તેમ જ સંપ્રદાયની રીતે. ૧ શ્રીસ્વામિનીજી, ૨ શ્રુતિરૂપા કે જે ગોપોને ઘેર છે, એટલે સર્વાત્મભાવવાળીઓ, અન્યપૂર્વા, ૩ કુમારીકાઓ અનન્ય-પૂર્વા કે જે વગર વિવાહે પણ માત્ર વસ્ત્રદાનથી જ શ્રીપ્રભુએ પ્રિયાઓ કરી છે તે, અને ૪ ચોથાં શ્રીયમુનાજી કારણ કે શ્રીયમુનાજીમાં પણ ક્રીડાના મિષથી સર્વાંગસંબંધ સંપાદન કરીને સ્વતંત્રતાથી શ્રી-

યમુનાજીની સાથે પ્રભુ ક્રીડા કરે છે તેથી શ્રીયમુનાજી ચોથાં પ્રિયા છે એમ સમજવું.

श्लोकः—अनंतगुणभूषिते शिवविरिंचिदेवस्तुते
घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे ।
विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते
कृपाजलधिसंश्रिते मम मनः सुखं भावय ॥४॥

पदानि—[१] अनंतगुणभूषिते, [२] शिवविरिंचिदेवस्तुते, [३] घनाघननिभे, [४] सदा, [५] ध्रुवपराशराभीष्टदे, [६] विशुद्धमथुरातटे, [७] सकलगोपगोपीवृते, [८] कृपाजलधिसंश्रिते, [९] मम, [१०] मनः सुखं, [११] भावय ।

सान्वयपदार्थः—[१] अनंतगुणभूषिते અનંત ગુણોએ કરીને શોભાયમાન (અને) [२] शिवविरिंचिदेवस्तुते મહાદેવ, બ્રહ્મા અને દેવતાઓએ સ્તુતિ કરાયેલાં [४] सदा નિરંતર [३] घनाघननिभे ઘાટા મેઘના સરખી કાંતિવાળાં (તેમ જ) [५] ध्रुवपराशराभीष्टदे ધ્રુવ અને પરાશરને ઇચ્છિત ફલ દેવાવાળાં [६] विशुद्धमथुरातटे વિશેષે કરીને શુદ્ધ એવાં મથુરાજી જેના કિનારા વિષે છે (અને [७] सकलगोपगोपीवृते બધાં ગોપ અને શ્રીગોપીજનોએ કરીને વિંટાયેલા (તેમ જ) [८] कृपाजलधिसंश्रिते દયાના સમુદ્રરૂપી શ્રીપ્રભુ)નો સારી રીતે આશ્રય કરીને રહેલાં એવાં (હે શ્રીયમુનાજી !) [९] मम મારા [१०] मनः सुखं મનના સુખને [११] भावय વિચારો.

ટીકા—અનંત ગુણોએ કરીને શોભાયમાન અને મહાદેવ, બ્રહ્મા અને ઇંદ્રાદિક દેવતાઓએ સ્તુતિ કરાયેલાં અને હમેશાં ઘાટામેઘના સમૂહ જેવી કાંતિવાળાં તેમ જ ધ્રુવ અને પરાશરને મનગમતું ફલ આપનારાં અને વિશેષે કરીને શુદ્ધ એવાં મથુરાજી જેના કિનારા વિષે છે;

સર્વ ગોપ અને ગોપીજનોએ કરીને વિંટાયલાં અને દયાના સાગર-સદાનંદ-શ્રીપ્રભુનો આશ્રય કરીને રહેલાં એવાં હે શ્રીયમુનાજી ! તમે જ મારા મનને સુખ જેમ થાય તેમ વિચારો.

ટિપ્પણ-विशुद्धमथुरातटे. આ ઠેકાણે શ્રીમથુરાજીને સર્વદોષરહિત અને વિશેષે કરીને શુદ્ધ એમ કહેલાં છે, તેથી ત્યાં પૃથ્વી વગેરેના કોઈપણ દોષ સંભવતા નથી. એનું કારણ એ છે કે શ્રીભગવાને સૃષ્ટિના આરંભમાં પૃથ્વીઆદિ બધાં તત્ત્વોને ઉત્પન્ન કરીને तत्सृष्ट्वा-तदेव प्राविशत् એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે તે તત્ત્વોના કારણપણાથી શ્રી-ભગવાન્ તેમાં પેઠેલા છે. તેથી શ્રીમથુરાંજી શુદ્ધ છે. વળી काश्यादिपुर्यो यदि सन्ति અને अयोध्या मथुरा ઇત્યાદિ વાકયોથી પણ સર્વે જીવોને મોક્ષ આપનારાં છે. તેમાં પણ શ્રીયમુનાજીના કિનારાપર રહેલાં છે તેથી શ્રી-ભગવલ્લીલાનું સ્થળ છે; કે જે ઠેકાણે લીલાવિશિષ્ટ શ્રીભગવાન્ मथुरा-भगवान् यत्र नित्यं सन्निहितो हरिः ઇત્યાદિ વાકયોથી સદા રહેલા છે માટે विशुद्धमथुरातटे એમ કહ્યું. આ શ્લોકમાં બધાં પદોને સપ્તમી વિભક્તિ ગણીને પ્રભુનાં વિશેષણ જાણવાં

श्लोकः-यया चरणपद्मजा मूररिपोः प्रियंभावुका
समागमनतोऽभवत्सकलसिद्धिदा सेवताम् ।
तया सदृशतामियात्कमलजा सपत्नीव य-
द्धरिप्रियकालिंदया मनसि मे सदा स्थीयताम् ॥५॥

पदानि-[१]यया, [२]चरणपद्मजा, [३]मुररिपोः, [४]प्रियंभावुका, [५]समागमनतः, [६]अभवत्, [७]सकलसिद्धिदा, [८]सेवताम्, [९]तया, [१०]सदृशताम्, [११]इयात्, [१२]कमलजा, [१३]सपत्नी, [१४]इव, [१५]यत्, [१६]हरिप्रियकालिंदया, [१७]मनसि, [१८]मे, [१९]सदा, [२०]स्थीयताम् ।

सान्वयपदार्थः-[१]यया જેની સાથે [५]समागमनतः સમાગમ થવાથી [२]चरण-पद्मजा ગંગાજી [३]मुररिपोः મુરનામે દૈત્યના શત્રુ (શ્રીભગવાન્)ના [४]प्रियंभावुका પ્રિયને કરનારાં (અને) [८]सेवताम् (પોતાની) સેવા કરનારાઓને

[૭]सकलसिद्धिदा સર્વસિદ્ધિ આપનારાં [૬]अभवत् થયાં [૯]तया તે (શ્રીયમુનાજી) ની સાથે [૧૦]सदृशताम् સમાન (બરોબરી) પણાને [૧૩]सपत्नी સમાન સૌભાગ્ય-વાળાં (સોક) એવાં [૧૨]कमलजा લક્ષ્મી [૧૪]इव જેમ, (તેમ) [૧૧]इयात् (કોણ) પામે ? [૧૫]यत् (यदि) જો[કદાચિત્][૧૧]इयात् (સમાનપણાને પામે તો) [૧૨]कमलजा લક્ષ્મીજી [૧૧]इयात् પામે (એવાં) [૧૬]हरिप्रियकलिंदया હરિના પ્રિય (જે ભકતો તે) ના કલેશને ખંડન કરનારાં (શ્રીયમુનાજી) એ [૧૮]मे (मम) મારા [૧૭]मनसि મનમાં [૧૯]सदा સદાયકાલે [૨૦]स्थीयताम् રહો.

ટીકા—જેની સાથે મળવાથી ગંગાજી પણ ભગવાનના પ્રિયને (પ્રીતિને) કરનારાં અને પોતાની સેવના કરનારા જીવોને સર્વ સિદ્ધિઓ આપનારાં થયાં તે શ્રીયમુનાજીની સાથે બરોબરી, સરખાં સૌભાગ્યવાળાં લક્ષ્મીજીની પેઠે બીજુ કોણ કરી શકે ? જો કદાચિત શ્રીયમુનાજીની બરોબરી કરે તો લક્ષ્મીજી કરી શકે, આવાં શ્રીયમુનાજી મારા મનમાં નિરંતર બિરાજો.

ટિપ્પણ—चरणपद्मजा આ ઠેકાણે चरणजा એટલુંજ માત્ર લખવાથી વાકયાર્થની સંગતિ મળે છે, તો પણ पद्म એ પદ લીધેલું છે, તેનો અભિપ્રાય એ છે કે, જેમ पद्मज એટલે બ્રહ્માજીએ, શ્રીભગવાનને જગતમાં રમવા સારૂ, તેની આજ્ઞા લઇને જગત્ બનાવ્યું, અને પોતે નિરપેક્ષ થઇને રહેલા છે, તેમ અહિં चरणपद्मजा એટલે ગંગાજી પણ પોતાનામાં રહેલી ભગવચ્ચરણના સંબંધવાળી રેણુવડે, સેવોપયોગી દેહને સિદ્ધ કરી, ભક્તિમાર્ગને પ્રકટ કરવાની, શ્રીભગવાન્‌ની ઇચ્છાને જાણી. અને તે બાબત પોતે અપેક્ષા નહીં રાખતાં, કેવળ ભગવત્ક્રીડાને સારૂ જ ભગવદીયોને ઉત્પન્ન કરે છે. અહિં જગત્‌બનાવવામાં બ્રહ્માજીને તો પ્રભુની આજ્ઞા થવાની આવશ્યકતા બતાવી, પણ ગંગાજીને આજ્ઞાનું કહ્યું નહીં. તેથી એવું બતાવ્યું છે કે શ્રીગંગાજીને શ્રીભગવાનનો સાક્ષાત્ સંબંધ હોવાથી તેઓ પ્રભુનો હાર્દ એટલે મનની વાત જાણે છે. અને તે વાત ખરી છે કે, સ્વામીના મનની વાતને જાણનારા અતિ ચતુર જનોને આજ્ઞા કરવી પડતી નથી. વળી ચરણ છે તે નિર્દોષ,

અને પૂર્ણ ગુણવાળું તેમ જ ભક્તિરૂપ છે. તેથી તે ચરણથી થયલાં શ્રીગંગાજીમાં પણ ચરણના ગુણો આવેલા છે. કારણ કે એવો ન્યાય છે કે, કારણના ગુણો કાર્યમાં આવે છે. માટે સેવકોને સર્વ સિદ્ધિઓ આપે છે જ. એમ જાણવા સારૂ અહિં चरणजा નહિં કહેતાં चरणपद्मजा કહ્યું છે.

मुररिपोः प्रियंभावुका—આ ઠેકાણે જેમ શ્રીયમુનાજી સાક્ષાત્ ભગવત્ સેવોપયોગી દેહને સંપાદન કરી, સેવકોની સૃષ્ટિ કરે છે અને તે સેવકોએ કરેલી સેવા વડે પ્રભુને પ્રિય કરનારાં અને સર્વ સિદ્ધિઓને આપનારાં છે. તેમ ગંગાજી પણ પોતાને શ્રીયમુનાજીનો સંગમ થયા પછી, તે શ્રીયમુનાજીમાં રહેલાં, જે સ્મરજલબિંદુઓ તેના સંબંધથી સાક્ષાત્ સેવોપયોગી દેહ વગેરેને સિદ્ધ કરી, સેવક સૃષ્ટિ કરવાપૂર્વક ભગવત્સેવા કરાવી, પ્રભુને પ્રિય કરનારાં, અને સેવનારાઓને સર્વ સિદ્ધિઓને આપનારાં થયાં છે. કારણ કે જેનો જેમાં આવેશ થાય, તે તેનું કામ કરી શકે, જેમ કે શ્રીભગવાનના આવેશવાળા ભક્તજનો, શ્રીભગવાનનું કામ કરી શકે છે. તેથી જ कस्याश्चित् पूतनायंत्या ઇત્યાદિક શ્રીભાગવતમાં વાકયો છે.

श्लोकः-नमोऽस्तु यमुने! सदा तव चरित्रमत्यद्भुतं
न जातु यमयातना भवति ते पयःपानतः ।
यमोऽपि भगिनीसुतान्कथमु हंति दुष्टानपि
प्रियो भवति सेवनात्तव हरेर्यथा गोपिकाः॥८॥

१ २ ३ ४ ५ ६ ७
पदानि—नमः अस्तु, यमुने, सदा, तव, चरित्रम्, अत्यद्भुतं,
८ ९ १० ११ १२ १३ १४ १५ १६
न, जातु, यमयातना, भवति, ते, पयपानतः, यमः, अपि, भगिनी-
१७ १८ १९ २० २१ २२ २३ २४
सुतान्, कथं, उ, हंति, दुष्टान्, अपि, प्रियः, भवति, सेवनात्,
२५ २६ २७ २८
तव, हरेः, यथा, गोपिकाः ।

३ ४ १
सान्वयपदार्थः—यमुने હે યમુનાજી! सदा નિરંતર नमः (તમને) નમસ્કાર

अस्तु હો. (અને) तव તમારૂં चरित्रम् ચરિત્ર अत्यद्भुतं અતિશય અદ્‌ભુત છે (કારણ કે) ते तव તમારૂં पयःपानतः પય (જલ) પાન કરવાથી (જ) यमयातना યમ (રાજા) સંબંધી દુઃખ जातु કયારે (પણ) न નથી भवति થતું (અને) यमः યમ (રાજા) अपि પણ दुष्टान् દુષ્ટ (ખરાબ એવા) अपि પણ भगिनीसुतान् બ્હેનનાં છોકરાંઓને उ અહો (અરે) कथं કેમ हन्ति મારે છે ? (મારે નહીં) तव તમારી सेवनात् સેવના (સેવા) કરવાથી यथा જેમ गोपिकाः ગોપીઓ (તેમ) हरेः હરિ (દુઃખ હરનાર પ્રભુ) ને प्रियः વ્હાલો भवति થાય છે

ટીકા—હે શ્રીયમુનાજી ! હું આપને નમન કરૂં છું અને તમારૂં ચરિત્ર અત્યંત અદ્‌ભુત છે કેમ કે તમારૂં જલપાન કરવાથી યમરાજા સંબંધી નારકી દુઃખ કોઇ કાળે પણ થતું નથી. વળી યમરાજા પણ દુષ્ટ એવા પણ બ્હેનનાં છોકરાંઓને અરે કેમ મારે ? નથી મારતા (તેમ જ) તમારી સેવા કરવાથી જેમ શ્રીગોપીજનો ભગવાન્‌ને પ્યારાં થયાં તેમ જે કોઇ તમારૂં સેવન કરે તે પણ ભગવાન્‌ને પ્યારો થાય છે.

श्लोकः-ममास्तु तव सान्निधौ तनुनवत्वमेतावता
न दुर्लभतमा रतिर्मुररिपौ मुकुन्दप्रिये ।
अतोऽस्तु तव लालना सुरधुनी परं संगमा-
त्तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः ।७।

प· ।।नि–मम, अस्तु, तव, सन्निधौ, तनुनवत्वम्, एतावता, न, दुर्लभतमा, रतिः, मुररिपौ, मुकुन्दप्रिये, अतः अस्तु तव, लालना, सुरधुनी, परं, संगमात्, तव, एव, भुवि, कीर्तिता, न, तु, कदा, अपि, पुष्टिस्थितैः, ।

૧૧

सान्वयपदार्थः—मुकुन्दप्रिये મુક્તિ દેનારા ભગવાન્‌ને પ્રિય (હે શ્રીયમુનાજી !) तव તમારી सन्निधौ સમીપમાં मम મારૂં तनुनवत्वं શરીરનું નવાપણું (લીલામાં ઉપયોગી દેહની નવીનતા) अस्तु થાઓ एतावता એટલાથી (શરીર પરિવર્તન માત્રથી જ) मुररिपो મુર દૈત્યના શત્રુ (ભગવાન્) માં रतिः પ્રીતિ दुर्लभतमा અતિશય દુર્લ્લભ ન નથી. अतः એ કારણ માટે तव તમારી लालना (આ સ્તુતિરૂપી) લાડ अस्तु હોય (અને) सुरधुनी શ્રીગંગાજી તે (પણ) परं કેવલ तव તમારા एव જ संगमात् સગમથી भुवि પૃથ્વીમાં कीर्तिता કીર્તન કરાયેલાં (છે. પણ તમારા સિવાય એકલાંને વખાણેલાં નથી, તેમાં પણ) पुष्टिस्थितैः પુષ્ટિમાર્ગમાં રહેલા (જીવો) એ तु તો कदा કયારે अपि પણ न (તમારા સિવાય વખાણેલાં) નથી.

ટીકા—મુકુંદ ભગવાનને પ્રિય એવાં હે શ્રીયમુનાજી!તમારી સન્નિધિમાં એટલે સમીપમાં લીલાને ઉપયોગી એવું મારા શરીરનું નવાપણું થાઓ. એટલાથી એટલે શરીર પરિવર્તન માત્રથી શ્રીભગવાનમાં પ્રીતિ થવી અતિશય દુર્લભ નથી. પરંતુ ઉલટી, તનુનું નવાપણું થવાથી પ્રભુમાં પ્રીતિ થવી સુલભ થઇ પડે છે. એ કારણ માટે તમારાં સ્તુતિરૂપી લાલના હો. અને શ્રીગંગાજી પણ તમારા જ સંગમથી પૃથ્વીમાં અત્યંત કીર્તિને પામેલાં છે એટલે સેવકોને ઇચ્છિત ફલ આપનારાં છે; એમ ગંગાજી વખણાએલાં છે. એકલાં ગગાજીને વખાણેલાં નથી, કદાચ વખાણેલાં હશે તો મર્યાદામાર્ગીય જીવોએ વખાણેલાં હશે. પુષ્ટિમાર્ગમાં રહેલા જીવોએ તો એકલાં ગંગાજીને કયારે પણ વખાણેલાં નથી. કારણ કે स्रोतसामस्मि जाह्नवी એ વાકયથી શ્રીગંગાજીને વિભૂતિરૂપ કહેલાં છે, માટે એકલાં ગંગાજી પુષ્ટિમાર્ગનું ફલ આપી શકતાં નથી તેથી પુષ્ટિસ્થ જીવોએ વખાણેલાં નથી.

श्लोकः-स्तुतिं तव करोति कः कमलजासपत्नि ! प्रिये !
हरेयदनुसेवया भवति सौख्यमामोक्षतः ।
इयं तव कथाऽधिका सकलगोपिकासंगम
स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः संगमः ॥८॥

पदानि-स्तुतिं[1], तव[2], करोति[3], कः[4] कमलजासपत्नि[5], प्रिये[6], हरेः[7] यदनुसेवया[8], भवति[9], सौख्यम्[10], आमोक्षतः[11] इयं[12], तव[13], कथा[14], अधिका[15], सकलगोपिकासंगमस्मरश्रमजलाणुभिः[16], सकलगात्रजैः[17], संगमः[18] ।

સાન્વયપદાર્થઃ-कमलजासपत्नि[5] હે લક્ષ્મીજીના સમાન સૌભાગ્યવાળાં प्रिये[6] હે પ્રિયે ! (હે શ્રીયમુનાજી !) तव[2] તમારી स्तुतिं[1] સ્તુતિને कः[4] કોણ करोति[3] કરે છે (કોઈ કરી શકતું નથી). (કારણ કે) हरेः[7] હરિ (દુઃખ હરનાર ભગવાન) સંબંધિ यदनुसेवया[8] જે લક્ષ્મીજીની અનુસેવા તેણે કરીને आमोक्षतः[11] મોક્ષ પર્યંત सौख्य[10] સુખ भवति[9] થાય છે. (અને) तव[13] તમારી इयं[12] આ कथा[14] (માહાત્મ્ય) કથા अधिका[15] (સર્વથી) અધિક છે (જે) सकलगात्रजैः[17] સર્વ અંગથી ઉત્પન્ન થએલા એવા सकलगोपिकासंगमस्मर-श्रमजलाणुभिः[16] સર્વ ગોપીજનના સમાગમથી થયેલા કામ સંબંધિ જે શ્રમજલના બિંદુઓ તે સાથે संगम[18] સમાગમ (થાય છે).

ટીકા-શ્રીલક્ષ્મીજીની સમાન સૌભાગ્યવાળાં અને શ્રીભગવાનને વહાલાં એવાં હે શ્રીયમુનાજી ! તમારી સ્તુતિ કોણ કરી શકે ? (કોઇ નહીં). કારણ કે ભગવાનની પાછળ શ્રીલક્ષ્મીજીની સેવા કરવાથી મોક્ષ સુધીનું સુખ મળે છે અર્થાત્ શ્રીભગવાન સહિત જે શ્રીલક્ષ્મીજીની સેવા કરે તો મોક્ષ સુધીનું સુખ થાય છે પણ ભગવાનને છોડીને એકલાંજ શ્રીલક્ષ્મીજીને સેવે તો તેમાંથી ક્લેશને પામે છે. અને તમારાં આ કથારૂપી માહાત્મ્ય સર્વથી અધિક છે (કેમકે તમારી સેવા કરવાથી

તો તમારા ભક્તને) બધાં શ્રીગોપીજનોના સમાગમથી થયેલા કામ સંબંધી સર્વ અંગથી ઉત્પન્ન થયેલાં જે શ્રમજલના બિંદુઓ તેમની સાથે સમાગમ થાય છે જેથી તેને લીલાની પ્રાપ્તિ થાય છે.

ટીપ્પણ—कमलजासपत्नि આ ઠેકાણે, શ્રીયમુનાજીને શ્રીલક્ષ્મીજીના સપત્ની કહ્યાં છે તેનો અભિપ્રાય એ છે કે, શ્રીયમુનાજીનો સ્વભાવ શ્રીલક્ષ્મીજીના સ્વભાવ કરતાં વિરૂદ્ધ છે, માટે સપત્નીપણું છે. કેમ કે શ્રીલક્ષ્મીજી છે તે પ્રમાણસિદ્ધ બ્રહ્માનંદરૂપ છે, માટે પ્રમાણભૂત વેદ વાકયોવડે, શ્રીલક્ષ્મીજીના માહાત્મ્યનું વર્ણન કરવું બની શકે છે. અને શ્રીયમુનાજી તો લીલામાં રહેનારાં છે, માટે પ્રમાણથી અતીત [જુદા] એવા પ્રમેયના આનંદરૂપ છે. તેથી यतो वाचो निवर्त्तंतेऽप्राप्य मनसा सह ઇત્યાદિ શ્રુતિઓથી પણ સ્તુતિ કરી શકાતાં નથી. એ રીતે શ્રીયમુના-જીનો સ્વભાવ શ્રીલક્ષ્મીજીના સ્વભાવ કરતાં વિલક્ષણ કરે છે. માટે सपत्नि કહ્યાં છે. અને લોકવેદમાં શ્રીલક્ષ્મીજીને સ્તુત્ય [સ્તુતિ કરવા લાયક]પણું અને ભગવત્પણું કહેલું છે, તે શ્રીભગવાન્‌ના સંબંધથી છે. ભગવત્સંબંધ વિના તો ઉલટું નિંદ્યપણું છે. તેમાં પણ જેટલું શ્રીભગવત્સંબંધનું ઓછા વધતાપણું હોય, તેટલું તેમાં સ્તુત્યપણું પણ ઓછા વધતું જાણવું. વળી સપત્ની એટલે સમાન સૌભાગ્યવાળા કહ્યાં છે. અને બીજી ભગવત્પત્નીઓને શ્રીલક્ષ્મીજીના અંશપણું કહ્યું છે. તેથી यो यदंशः स तं भजेत् જે જેનો અંશ હોય તે તેને ભજે. એવા ન્યાયથી ઉપર કહેલી ભગવત્પત્નીઓને શ્રીલક્ષ્મીજીને આધીન પણ આવે છે અર્થાત્ શ્રીલક્ષ્મીજીને આધીનહોયછે અને શ્રીયમુનાજી તો સમાન સૌભાગ્યવાળાં છે તેથી શ્રીલક્ષ્મીજીની માફક સ્વતંત્ર છે એમ સમજવું हरेर्यदनुसेवया આ ઠેકાણે આટલું સમજવાનું છે કે, ભગવાનની સાથે લક્ષ્મીજીની સેવા કરાય એટલે ભગવત્સેવા કરીને પછી ગૌણતાથી લક્ષ્મીજીની સેવા કરે તો, મોક્ષ પર્યંતનુ સુખ થાય, તેમાં પણ સાયુજ્ય તો મળતું નથી. કારણ કે શ્રીપુરૂષોત્તમનું સાયુજ્ય મલતું તે તો, ભક્તિમાર્ગની રીત પ્રમાણે માત્ર ભગ-વત્સેવા કરવાથી જ મળે છે. બીજી કોઇ પણ રીતે મળતું નથી. તથા જ શ્રીમહાપ્રભુજીએ તત્વદીપ નિબંધમાં કહ્યું છે કે " आदिमूर्तिः

कृष्ण एव सेव्यः सायुज्यकाम्यया " " સાયુજ્યની ઇચ્છા હોય તો આદિ મૂર્ત્તિ શ્રીકૃષ્ણની જ સેવા કરવી. "

આ કારણથી જ વૈકુંઠમાં શ્રીલક્ષ્મીજીની સખીઓને સાલોકયાદિ સુખ મળે છે, પણ લક્ષ્મીજીની પેઠે શ્રીપુરૂષોત્તમની સાથે નિત્ય રહેવા રૂપી સાયુજ્ય સુખ મળતું નથી; ત્યારે નિત્ય લીલાની પ્રાપ્તિ તો ક્યાં થીજ થાય ?

વળી हरेः એ, સંબંધમાં ષષ્ઠી વિભક્તિ છે, તેથી એમ બતાવ્યું છે કે, સાલોકયાદિ મોક્ષ સુખ છે તે તો, ભગવત્સંબંધથી લક્ષ્મીજીની સેવા કરી હોય, તો જ પ્રાપ્ત થાય છે. કેમકે એકલાં લક્ષ્મીજી તો મોક્ષના પણ વિઘાતક છે, કારણ કે શ્રીપુરૂષોત્તમથી જુદા થઇને રહેલાં શ્રીલક્ષ્મીજીને વિભૂતિપણું કહેલું છે, તેથી તે પોતાનું ભજન કરનારાઓને ધનાદિ સંપત્તિ આપે છે. અને તે ધનાદિ સંપત્તિ વિષયાસક્તિ થવાના કારણરૂપ છે અને વૈરાગ્યની વિરોધી છે, જેથી મોક્ષના વિઘાતક થાય છે. પણ જો શ્રીપ્રભુના સંબંધથી જ લક્ષ્મીજીની સેવા થાય, તો મોક્ષ સુધીનું ફલ આપે છે એમ સમજવું.

श्लोकः–तवाष्टकमिदं मुदा पठति सूरसूते ! सदा
समस्तदुरितक्षयो भवति वै मुकुन्दे रतिः ।
तया सकलसिद्धयो मुररिपुश्च संतुष्यति
स्वभावविजयो भवेद्वदति वल्लभः श्रीहरेः ॥ ९ ॥

पदानि–[१]तव, [२]अष्टकम्, [३]इदं, [४]मुदा, [५]पठति, [६]सूरसूते, [७]सदा, [८]समस्तदुरितक्षयः [९]भवति, [१०]वै, [११]मुकुन्दे, [१२]रतिः [१३]तया; [१४]सकलसि[द्ध]यः; [१५]मुररिपुः; [१६]च; [१७]संतुष्यतिः; [१८]स्वभावविजयः; [१९]भवेत्; [२०]वदति; [२१]वल्लभः; [२२]श्रीहरेः।

सान्वयपदार्थ–[६]सूरसूते હે સૂર્યના પુત્રી ! (હે શ્રીયમુનાજી!) [१]तव તમારાં [३]इदं આ [२]अष्टकम् અષ્ટકને (જે માણસ) [७]सदा હમેશ [४]मुदा હર્ષે કરીને [५]पठति પાઠ કરે છે (તે માણસનાં) નિશ્ચયે કરીને [८]समस्तदुरितक्षयः સઘળાં પાપનો

નાશ भवति થાય છે (અને) मुकुंदे મુકુંદ (ભગવાન) માં रतिः પ્રીતિ वै નિશ્ચય (થાય છે) तया તે (પ્રીતિ) વડે सकलसिद्धयः સર્વ સિદ્ધિઓ (સિદ્ધ થાય છે) च અને मुररिपुः મુર દૈત્યના શત્રુ (ભગવાન) संतुष्यति સારી રીતે પ્રસન્ન થાય છે (અને स्वभावविजयः સ્વભાવનો વિજય भवेत् થાય છે इति એ રિતે श्रीहरेः શ્રીયુક્ત દુઃખ હરનાર ભગવાનને वल्लभः પ્રિય (એવા શ્રીમહાપ્રભુજી) वदति કહે છે.

ટીકા—હે સૂર્યનાં પુત્રી! (હે શ્રીયમુનાજી!) તમારા આ અષ્ટકનો જે માણસ હમેશ હર્ષે કરીને પાઠ કરે છે તે માણસનાં નિશ્ચયે કરીને સઘળાં પાપનો નાશ થાય છે. અને મુકુંદ ભગવાનમાં (મુક્તિને આપનારા ભગવાનમાં) પ્રીતિ થાય છે. અને તે પ્રીતિવડે સર્વ સિદ્ધિઓ સિદ્ધ થાય છે અને શ્રીભગવાન સારી રીતે પ્રસન્ન થાય છે તથા સ્વભાવનો વિજય થાય એ રીતે શ્રીભગવાન્‌ને પ્રિય એવા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

ટિપ્પણ—स्वभावविजयः આ ઠેકાણે એમ સમજવું કે શ્રીભગવાનનો સ્વભાવ એવો છે કે સર્વ સ્વામિનીઓને દેવા યોગ્ય ફલ, બીજાઓને આપતા નથી. કારણ કે જો એમ નહી હોત અને સ્વામિનીઓને આપવા લાયક ફલ બધાઓને પોતે આપતા હોત તો પોતાના જ દયાપાત્ર ઉદ્ધવજીને વ્રજમાં મોકલત નહી અને તેવો ભાવ પોતે જ આપત. અને આ સ્તોત્રનો પાઠ કરનારામાં તો શ્રીયમુનાજીનો કૃપા સંબંધ જાણીને સ્વામિનીઓને જેમ પોતે ફલ આપે છે તેમ આને પણ પોતે જ તે ફલ આપે છે તેથી તેવી રીતે પ્રભુના સ્વભાવનો વિજય થાય છે એટલે પરિવર્તન થાય છે; અર્થાત્ સ્વભાવનો ફેરફાર થાય છે એમ સમજવું.

श्रीयमुनाष्टकं सटीकं संपूर्णम्.

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ

શ્રીસર્વોત્તમસ્તોત્રના પ્રકાશકના દીનતાપૂર્વક ભગવદ્સ્મરણ વાંચશો.

અંક

૧. સત્યપ્રકાશન.

૨ વેદ ત્રણ ગુણસ

૩ અઢાર પુરાણ ત્રણ

૪. પાચ આચાર્યોના માર્ગનુ વર્ણન

ભાગ બીજો.

૫ પુનર્વિવાહ બાબત.

૬ સુધારાવાળાઓના પાચ શ્લોકનો અર્થ.

૭ પાચે શ્લોકનો ખુલાસો, વસિષ્ઠ ઋષિનુ વચન.

૮ લગ્ન મુકરર ગેરમુકરર થવા વિશે નારદજીના વચનો.

૯. ધર્મ કોનું નામ તે ઉપર શવર્ત સ્મૃતિઓના શ્લોક.

૧૦. વિધવા બીજા સાથે પરણે તેણે બીજો જાર કર્યો તે ઉપર નારદજીના વચનો.

૧૧. એક ધણી મુવા પછી સ્ત્રીએ બીજો ધણી ન કરવો તે વિષે મનુસ્મૃતિનું વચન.

૧૨ વિધવાને કલિયુગમા પુનર્વિવાહ કરવા નિષેધ છે તે ઉપર બ્રહ્મપુરાણના વચન

૧૩ શ્રીયમુનાષ્ટક સટીક.

				૦-૨-૦	૦-૦-૬
			..	૦-૩-૦	૦-૦-૬
			, સુરત)	૦-૩-૦	૦-૦-૬
			૧ લું ...	૦-૨-૦	૦-૦-૬
			તથા ૩ જું. ..	૦-૪-૦	૦-૦-૬
			શ્રીયમુનાષ્ટક સટીક.	૦-૪-૦	૦-૦-૬
		,,	પુ ૫મુ અને શ્રીબાલબોધ સટીક.	૦-૪-૦	૦-૦-૬
૧૧.	,,	,,	પુ. ૬-૭-૮-૯ મું અને સિદ્ધાન્ત મુક્તાવલિ સટીક	૦-૮-૦	૦-૧-૦
૧૨.	,,	,,	પુ. ૧૦ મુ સાલાપ્રસ ગસાર .	૦-૪-૦	૦-૦-૬
૧૩.	,,	,,	પુ. ૧૧ મું પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રંથ.	૦-૪-૦	૦-૦-૬
૧૪.	,,	,,	પુ. ૧૨-૧૩ મુ. ,, ,,	૦-૫-૦	૦-૦-૬
૧૫.	,,	,,	પુ. ૧૪-૧૫-૧૬ મું આશ્રુબોધોત્પાદક બોધ તથા સિદ્ધાન્તરહસ્ય. ...	૦-૫-૦	૦-૦-૬

હાલ ઉપર બતાવેલા પુસ્તકોને ત્યારબાદ નવા છપાતા જશે તે, જે કોઈ **વૈષ્ણવ** સ્થાનિક યા દેશાવરવાળા **એક જ વાર** (દર વર્ષે નહિ) ટપાલખર્ચ સાથે રૂ. ૨-૮-૦ અને તેથી ઉપરાત પોતાની શક્તિ પ્રમાણે ભરે છે તેમને ભેટ દાખલ આપવામા આવે છે. ગરીબથી તે તવંગર વૈષ્ણવો સહુ પુસ્તકોનો લાભ એકસરખી રીતે લઈ શકે તે માટે ભરવાની રકમ જુજ રાખી છે. માટે **શ્રીમંત વૈષ્ણવો** હવે આવો ગર્ભિત રીતે થતો અલૌકિક અલભ્ય લાભ **પોતાની યોગ્યતા પ્રમાણે રકમ** ભરી લેવા ચૂકશે નહિ. વી. પી. થી મગાવનારને એક આનો વધારે પડશે.

ઉપર પૈકી એક જાતની ૧૦ પૂરી નકલો લેનારને એક પુસ્તક ભેટ દાખલ આપવામા આવે છે.

નોટપેડ કાગળ લેવામા આવશે નહી, જવાબ માટે ટિકિટ બીડવી.

સંવત્ ૧૯૭૧ના અષાડ સુદિ ૧૫ ને સોમવાર.
તા. ૨૬-૭-૧૯૧૫
ખાડીયા, જેઠાભાઈની પોળ-અમદાવાદ

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.
" શાસ્ત્રોત્તમસ્તોત્રપ્રકાશક. "